શૈશવ



# વાર્ષિક અહેવાલ
## ૨૦૨૩- ૨૦૨૪

# વિહંગાવલોકન

બાળકો સાથે કાર્યની શરૂઆત કરી અને જોતજોતામાં ત્રણ દાયકા પૂર્ણ થયા. પરંતુ મંઝીલ હજી ઘણી દૂર છે ! આજે પણ સમાજમાં બાળકોને પ્રાથમિકતા આપવામાં આવતી નથી. બાળકો સાથે કાર્ય કરીને ઘણું ઘણું પામ્યા છે પણ હજુ સામે અનેક પડકારો છે. બાળકો સાથેના કાર્યો એકાંગી રીતે ન થતા સર્વાંગી દ્રષ્ટિકોણથી કરવા અનિવાર્ય બન્યા છે.

વર્ષ ૨૦૨૩-૨૪ શૈશવ માટે માઇલ સ્ટોન બની રહ્યું હતું. શૈશવ બાલસેનાની પહેલથી વર્ષ ૨૦૦૮માં શરૂ થયેલ બાળ સંગઠનોના બાળ પ્રતિનિધિઓનું પ્રથમ રાષ્ટ્રીય સંમેલન ભાવનગરમાં યોજાયું અને તેમાંથી વિકસ્યું નેશનલ ફોરમ ફોર ચાઇલ્ડ પાર્ટીસીપેશન – સતત આગળ વધી રહ્યું છે. ૨૯ – ૩૦ – ૩૧ મે ૨૦૨૩ના રોજ શૈશવ બાલસેનાના યજમાન પદે પાંચમુ બાળકોનું રાષ્ટ્રીય અધિવેશન ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે યોજવામાં આવ્યું હતું.

૧ – ૨ જૂનના રોજ બાળકોના સહભાગિતાના અધિકાર પર કાર્યરત દેશના વિવિધ રાજયોની સંસ્થાના મુખ્ય સ્થાપકો – પ્રણેતાઓ વગેરે સાથે ''સંવાદ'' રાષ્ટ્રીય કાર્યક્રમનું આયોજન શૈશવના ૩૦ વર્ષ થયા તે નિમિત્તે અમદાવાદ આઇ આઇ એમમાં કર્યું હતું. બન્ને કાર્યક્રમો અત્યંત સફળ રહ્યાં આ કાર્યક્રમો વિશેની વધુ વિગતો અહેવાલમાં પાછળ આપી છે.

વર્ષ ૨૦૨૩-૨૪ ના વર્ષની કામગીરી – પ્રવૃતિઓની વાત કરીએ તો અનોખું પણ બની રહ્યું. ગત વર્ષે અમે શૈશવ પ્રેરિત બાળકોના સંગઠન બાલસેનામાં જોડાયેલા અથવા અગાઉ તેમાં હતા તેવા કેટલાક બાળકોના જીવન પર બાલસેનાની પ્રવૃતિઓની કેવી અસરો થઇ છે તે સમજવા માટેનો અભ્યાસ હાથ ધર્યો હતો તેનો અહેવાલ આ વર્ષે અમે તૈયાર કર્યો, આ ઉપરાંત બાલસેનાની પ્રવૃતિઓના ૨૦ વર્ષ પૂર્ણ થતાં સમગ્ર પ્રવૃતિઓ, અનુભવો અને જે શીખ્યા તેનો અહેવાલ તૈયાર કર્યો હતો. આમ આ બન્ને અહેવાલનું વિમોચન વડોદરા ખાતે ૩૦ સપ્ટેમ્બર' ૨૦૨૩ રવિવારના રોજ વડોદરા ખાતે જાણીતા ચિંતક અને લેખક શ્રી સુભાષભાઇ ભટ્ટની વિશેષ ઉપસ્થિતિમાં શૈશવના શુભેચ્છકો, મિત્રો અને સાથે જોડાયેલ સંસ્થાના પ્રતિનિધિઓની સાથે વિચારગોષ્ઠિના સફળ આયોજન દરમ્યાન કર્યું હતું. વિશેષ અહેવાલ પાછળના પેજમાં છે.

બાલસેના દર વર્ષે નવો ચીલો ચાતરતી આવી છે, બાળકો નવું નવું શીખે અને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરે. આ વર્ષે યોજાયેલ વેકેશન શિબિરની વાત પાછળ કરી છે પણ વિશેષ એ હતું કે બાળકોએ સ્વસ્થતા અને સ્વચ્છતાના પાઠ શીખવા 'હેલ્ધી હોમ સર્વે' કર્યો ! વધુ વિગતો પાછળ આપી છે, તેમાંથી ઉદ્દભવેલો મુદ્દો એ હતો કે બાળકોમાં જંકફૂડ – વિશેષ કરીને તૈયાર નાસ્તાના પડીકા ખાવાની આદત જબરજસ્ત છે અને તેમાંથી નાની ઉંમરે થતા નુકશાન અંગેની જાગૃતિ નથી તેથી બાલસેનાની કાઉન્સીલમાં બાળકોએ પોતાના વિસ્તારોમાં સર્વે કરવાનું નકકી કર્યું અને ઉનાળાના વેકેશનમાં બાળકોએ પોતાના વિસ્તારની દુકાનોમાંથી વેચાતા પડીકાઓ અંગેનો સર્વે કર્યો ! ૨૨ પોકેટ વિસ્તારમાંથી દર વર્ષે ૩ કરોડ રૂપિયાના પડીકા ખવાય છે ! સમગ્ર ભાવનગર શહેરમાં કેટલાના હશે ?! વધુ વિગતો પાછળ આપી છે. બાળકોએ તેને લઇને જાગૃતિ નાટકો, પ્રદર્શન વગેરે કરી બાળકોને અને વાલીઓને સમજ આપવાનું કાર્ય કર્યું ! આમ આરોગ્યને સ્પર્શતા અતિ મહત્વના મુદા પર સમગ્ર ગુજરાતમાં બાલસેનાના બાળકોએ પ્રથમવાર અભિયાન હાથ ધરી નૂતન પહેલ કરી હતી !

વર્ષ દરમ્યાન ભાવનગરમાં વિસ્તારો તથા શાળાઓમાં બાલસેનાની પ્રવૃતિઓ ઉપરાંત તરૂણાવસ્થા કાર્યક્રમ, સ્વરક્ષણની તાલીમ, વાર્ષિકોત્સવ, રમતોત્સવ વગેરે કાર્યક્રમો યોજાતા રહ્યા હતા. જયારે નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકામાં આરણ્યક કાર્યક્રમ હેઠળ ૧૪ ગામોમાં શાળાઓ ઉપરાંત ગામોમાં, આંગણવાડીઓમાં તથા આશ્રમશાળાઓ સાથે નિયમિત પ્રવૃતિઓ યોજાતી રહી હતી. અહીંયા આ ગામોમાં પણ બાળકો સાથે રહી જંકફુડ અંગેનો સર્વે તથા જાગૃતિ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ કાર્યક્રમો અંગેની વધુ વિગતો પાછળ આપવામાં આવી છે.

શૈશવ દ્વારા કાર્યરત બાળ અધિકાર તાલીમ અને સંસાધન કેન્દ્રના ઉપક્રમે શૈશવના સ્ટાફ કાર્યકર ભાઇ – બહેનો અને બાળકો સાથે તો નિયમિત તાલીમો યોજાતી રહે છે, આ ઉપરાંત અન્ય સંસ્થાના કાર્યકરોને પણ તાલીમ આપવાનું કાર્ય થતું રહે છે. આમ આ પ્રવૃતિ પણ સતત વિકસતી રહી છે.

બાળકોની કાળજી અને રક્ષણ માટે કાર્યરત ચાઇલ્ડ હેલ્પ લાઇન ૧૦૯૮નું કાર્ય આપણે ગયા વર્ષે પણ જણાવ્યું હતું તેમ સંસ્થાઓ દ્વારા ચાલતી ચાઇલ્ડ હેલ્પ લાઇન બંધ કરવાનો નિર્ણય સરકાર દ્વારા કરવામાં આવતા જુન'૨૦૨૩થી આ સેવાઓ આપણે બંધ કરી હતી. પરંતુ બાળકોની સુરક્ષા આપણી પ્રાથમિકતા છે. આ અનુસંધાનમાં તા. ૨૦-૦૭-૨૦૨૩ને ગુરૂવારના રોજ સરકારી અધિકારીઓ, વિવિધ વિભાગો, સંસ્થાઓના પ્રતિનિધિઓ અને શુભેચ્છકોની ઉપસ્થિતિમાં કાર્યક્રમનું આયોજન કરી ચાઇલ્ડ હેલ્પ લાઇનની સેવાઓ બંધ થઇ રહી છે તેની સૌને જાણ કરવામાં પણ આવી હતી.

બાળકો સાથેની પ્રવૃતિઓમાં પણ પડકાર આવી રહ્યા છે. મોબાઇલ અને ડીજીટલનું વ્યસન વધી રહ્યું છે. બાળકો એકાગ્રતા અને નિયમિતતા ગુમાવી રહ્યા છે. ચંચળતા વધી રહી છે. ઉગ્રતા દેખાય છે. નકારાત્મકતા વિકસી રહી છે. સામાજિક – આર્થિક પ્રશ્નો – સ્પર્ધાઓ – વગેરેનું દબાણ અસહ્ય છે. બાળકોને બાળક તરીકેની મોકળાશ રહી નથી. બધાને લાગે છે કે ''આપણું બાળક જ રહી જશે'' – બધા જ દોડી રહ્યા છે. શિક્ષણની ગુણવતાનો પ્રશ્ન વ્યાપક છે આવા બધા પ્રશ્નોની વચ્ચે બાળકના શ્રેષ્ઠ હિતમાં તેની સાથે જોડાયેલા રહેવું અત્યંત જરૂરી છે એટલે કરીએ છીએ પણ પડકાર અતિ વિકટ અને કોમ્પ્લેક્સ છે ! ખેર, આપણે આપણા શ્રેષ્ઠ પ્રયત્નો કરવા પ્રયત્નશીલ છીએ પણ સાથોસાથ યોગ્ય લાયકાત ધરાવતા કાર્યકરો મેળવવા એ પણ સૌનો પ્રશ્ન છે. સંસ્થા વિકાસનું કાર્ય દિન પ્રતિદિન મુશ્કેલ થઇ રહ્યું છે પરંતુ સ્વામી વિવેકાનંદના એ શબ્દો ''કાર્યક્ષેત્રમાં ઝુકાવીશું એટલે સહાય અવશ્ય પ્રાપ્ત થશે'' – એ શ્રધ્ધા – પ્રાર્થના સાથે કાર્ય કરતા સેવાનું બળ આપ સૌના આશીર્વાદ અને શુભેચ્છાઓ દ્વારા સતત મળતું રહે છે – પ્રેરણા મળતી રહે છે. !

## બાલસેના જીવન યાત્રાનું ભાથું

કુંભારવાડાના લાલ કારખાના વિસ્તારનો વિરાટ સ્વભાવે શાંત અને હોંશિયાર. પ્રવૃતિઓમાં નિયમિત જોડાય. મમ્મી – પપ્પાનો ટેકો ! શાળામાં શિક્ષકો પણ તેને મદદરૂપ થાય.

વિરાટ બાલસેનાની પોતાની ટીમના કેપ્ટન તરીકે પણ ચૂંટાઇ આવ્યો હતો. કાઉન્સીલ મીટીંગમાં નિયમિત રીતે જોડાય, રજુઆત કરે, તૈયારીઓ કરે, આયોજન કરે. અઠવાડિક પ્રવૃતિઓ ઉપરાંત એકસપોઝર વીઝીટમાં બહાર જાય, નિવાસી શિબિરોમાં ભાગ લે......

આમ, ઘડાતો જાય ! ગાંધીનગર રક્ષા યુનિવર્સીટીમાં એડમીશન મળ્યું. મમ્મી – પપ્પા મૂંઝાયા, હવે શું કરીશું પણ વિરાટે સધિયારો આપ્યો : "મમ્મી તમે ચિંતા ન કરો, હું ગાંધીનગર બોર્ડીંગમાં રહીને અભ્યાસ કરી શકીશ કારણ કે બાલસેનાના લીડરશીપ કેમ્પમાંથી મને મારી જરૂરીયાતો, દૈનિક કાર્યો, મિત્રો બનાવવા, સાથે મળીને કામ કરવું વગેરે શીખવા મળ્યું છે તે બધું મને હવે કામ લાગશે. ચિંતા કરવાની નથી !"

# માઈલ સ્ટોનરૂપી કાર્યક્રમો

## બાળ સંગઠનોના બાળ પ્રતિનિધિઓનું પાંચમું રાષ્ટ્રીય અધિવેશન

શૈશવ પ્રેરિત બાલસેનાના ઉપક્રમે પ્રથમવાર દેશમાં આવેલ બાળ સંગઠનનોના બાળ પ્રતિનિધિઓનું રાષ્ટ્રીય સંમેલન ૨૦૦૮માં ભાવનગરમાં યોજાયું ત્યારે જુદા જુદા રાજયોમાંથી બાળ સંગઠનોના બાળ પ્રતિનિધિઓ આવ્યા, સાથે મળ્યા, ભાષાના અને અન્ય વાડાઓને તોડી એકતા – સમાનતાના મૂલ્યો પર મૈત્રીનો પ્રારંભ કર્યો. એક સ્વૈચ્છિક પ્રયાસ બાળકોના સહભાગિતાના અધિકારના સર્મથનમાં રાષ્ટ્રીય સ્તરે વિકસતો રહ્યો. કોઇના પર આધારિત થવાના બદલે સામુહિક નેતૃત્વની સક્રિયતાને લઇને ફોરમતો રહ્યો. બીજુ રાષ્ટ્રીય અધિવેશન શકિતવિડીયલ દ્વારા મદુરાઇમાં, ત્રીજુ અધિવેશન યુવા સંસ્થા દ્વારા મુંબઇમાં તો વળી ૨૦૧૬માં ચોથું અધિવેશન શૈશવ બાલસેનાના ઉપક્રમે અમદાવાદમાં યોજાયું હતું. જો કે વચ્ચે આર્થિક અને અન્ય સમસ્યાઓ તથા કોરોના વગેરેને કારણે સમય ઘણો વીતી ગયો અને ફરી ૨૯ થી ૩૧ મે' ૨૦૨૩માં શૈશવ – બાલસેનાના ઉપક્રમે પાંચમુ રાષ્ટ્રીય અધિવેશન ગુજરાત વિદ્યાપીઠમાં યોજાયું. આમ પાંચમાંથી ત્રણવાર રાષ્ટ્રીય અધિવેશનની યજમાનગીરી શૈશવે નિભાવી બાળકોના સહભાગિતાના અધિકારની વાતને મૂલ્યવર્ધિત કરવામાં અગ્રગણ્ય ભૂમિકા ભજવી છે.

બાળ પ્રતિનિધિઓના પાંચમા રાષ્ટ્રીય અધિવેશનમાં ૮ રાજયોની ૨૦ સંસ્થાના બાળ સંગઠનોના ૭૫ બાળ પ્રતિનિધિઓ અને ૩૦ સાથી કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમમાં શૈશવમાંથી પારૂલબહેન, તામિલનાડુની શકિત વિડિયલના જીમ જેસુદાસ, કર્ણાટકના ધ કર્ન્સન ફોર વર્કીંગ ચીલ્ડ્રનના કવિતાબહેન અને ઉતરાખંડ દહેરાદૂનના માઉન્ટેન ચીલ્ડ્રન ફાઉન્ડેશનના અદિતીબહેને ફેસીલીટિટર તરીકે સેવાઓ આપી હતી. શૈશવ ટીમના અન્ય કાર્યકરોએ સમગ્ર વ્યવસ્થાઓ સંભાળી હતી.

અમદાવાદમાં આયોજીત કાર્યક્રમ માટે ગુજરાત વિદ્યાપીઠ દ્વારા હોલ અને કીચન, સામુદાયિક શિક્ષણ કેન્દ્ર અને યુવક વિકાસ કેન્દ્ર દ્વારા રહેઠાણ તથા આનંદ નિકેતન સ્કૂલની બસોનો સુંદર સહયોગ પ્રાપ્ત થયો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં બાલસેનાના બાળકોએ સૌને પ્રતિકાત્મક ભેટ સાથે પ્રેમથી આવકાર્યા હતા ત્યારબાદ પૂર્વભૂમિકા અને ૨૦૦૮ થી આજ સુધીની યાત્રાની વાત સાંભળ્યા પછી બાળકોએ પ્રથમ તો અહિંથી શું શું શીખવું છે એકબીજાને શું પ્રદાન કરવું છે તેની ચર્ચા કરી અહીંથી જે મળશે તેને પોતપોતાના સંગઠનના અન્ય બાળકો સુધી કેવી રીતે પહોંચાડીશું તે અંગેનો પ્લાન વિચાર્યો હતો.

ફેસીલીટિટરની ઉપસ્થિતિમાં બાળકો આ ત્રણ દિવસમાં અનેકવિધ ટૂલ – પ્રવૃતિઓ શીખ્યા હતાં. અસરકારક નેતૃત્વ, સમસ્યાના ઉકેલ, સંગઠનની શકિત મર્યાદા – તકો અને પડકારો અંગેનું વિશ્લેષણ, સશકિતકરણ અને તેના માટેના એકશન પ્લાન, આ એકશન પ્લાનમાં બાળકોની સહભાગિતાના સ્તર, પ્રાથમિકતા – જરૂરીયાત વગેરેનો સમાવેશ કર્યો હતો.

આ કાર્યક્રમમાંથી બાળકોએ એ મુદ્દો તારવ્યો હતો કે સંસ્થા દ્વારા માતા – પિતા સાથે શું કામ કરવામાં આવે છે તેની વાતો થાય છે પણ હવેથી આપણે પણ જે શીખીએ – સમજીએ છીએ, કાર્ય કરીએ છીએ તેની વિગતવાર વાત માતા – પિતા સાથે કરી તેઓની સહભાગિતા ને વધુ સક્રિય કરવી જોઇએ અને તેમને પણ પોતાના બાળક માટે ગૌરવ થાય તેવા સતત સંવાદનું કાર્ય કરવું જરૂરી છે !

દેશના વિવિધ ભાગોમાંથી આવેલા બાળકોને એકબીજાને મળવામાં સાથી કાર્યકરોની મદદથી વાત કરવામાં – પરિચય કરવામાં ખૂબ જ ઉત્સાહ અને રસ હતો. એકમેકની સંસ્કૃતિ, સંગીત, ભાત, પહેરવેશ, તહેવારો, ભોજન કંઇ કેટલુંય જાણવું હતું ! આ અધિવેશન એક તક હતી – મિત્રતા કરવાની – વિકસાવવાની ! અહો ! આપણે તો કેટલા બધા ! એ ભાવ પણ ઘૂંટાતો રહ્યો. એકબીજાનો ટેકો મળી રહેશે, એકબીજા સંગઠન એક સાથે આવશે તેવો વિશ્વાસ પણ સૌને રાહત આપી રહ્યો હતો. ''હમ સબ સાથ હૈ – હમ સબએક હૈ !''

બાલસેના, ભીમાસંઘ, વિડિયલ ચાઇલ્ડ રાઇટસ, બઢતે કદમ, પર્વતીય બાલ મંચ વગેરે ઉપસ્થિત બાળ સંગઠનોએ પોતાના વિચાર, કાર્યક્રમો, સિધ્ધિ થી લઇને નૂતન પહેલ જેવી ઘણી બાબતોને આવરી લઇ પ્રદર્શન તૈયાર કરી ગેલેરી વોક વડે એકમેકનો વિસ્તૃત પરિચય મેળવ્યો હતો તો સંગઠનોનું સંગઠન – નેશનલ ફોરમ ફોર ચાઇલ્ડ પાર્ટીસીપેશનના મૂલ્યને વધુ બળવતર બનાવ્યું હતું.

બાળકોએ ભેગા થઇ નેશનલ ફોરમ માટેનું વીઝન, ધ્યેય વગેરે નકકી કર્યા હતા. બાળકો પરિવર્તનના વાહક બની સમાજ પરિવર્તનમાં અગ્રગણ્ય ભૂમિકા ભજવવા તૈયાર છે એ વાત અત્યંત પ્રેરણારૂપ હતી.

બાળકોએ સહભાગિતા એટલે શું અને તેના વિવિધ સ્તર કેવા હોય તે મુદ્દાઓ પણ પ્રેકટીસ તાલીમ દ્વારા શીખ્યાં હતાં, સાથોસાથ બાળકોને પોતાને સ્પર્શતા મુદ્દાઓ – સમસ્યાઓ વિષે નૂતન રીતે વિચારીને ઉકેલ કેવી રીતે કરવો તે અંગે પણ અનુભવ આધારિત પધ્ધતિથી સમગ્ર મુદ્દાને સમજયાં હતાં.

આ અધિવેશન હિંદી – અંગ્રેજીમાં સમાંતર ભાષાંતર દ્વારા અને ત્યારબાદ જુદા – જુદા રાજયના બાળકો સાથી કાર્યકરોની મદદથી પોતાની સ્થાનિક માતૃભાષામાં ભાષાંતર કરવામાં આવતું હતું. આમ બાળકો સતત વ્યસ્ત રહેતા હતા. આગલા વર્ષે વિડીયલ – મદુરાઇ દ્વારા બાળકોને છઠ્ઠા રાષ્ટ્રીય અધિવેશનમાં પધારવાનું આમંત્રણ પણ આપી દેવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં દરેક સંગઠનના બાળકોએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરી આઠ રાજયોની વિશિષ્ટ સાંસ્કૃતિને ઉજાગર કરી હતી તો વળી જાણીતા સંગીતજ્ઞ અને ગુજરાત વિદ્યાપીઠ સંગીતભવનના શ્રી નરેન્દ્રભાઇ શાસ્ત્રીએ વિવિધ બાળગીતો રજુ કરી સૌને ડોલાવ્યા હતાં, અને ગુજરાતના ગરબામાં દરેક બાળકોએ જોડાઇ મઝા માણી હતી. છેલ્લા દિવસે બાળકોએ અમદાવાદની હેરિટેજવોક ઉપરાંત ગાંધી આશ્રમ, કોચરબ આશ્રમ તથા ઇસરોની મુલાકાત લઇ યાદગાર સંભારણા પ્રાપ્ત કર્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમની શરૂઆત ર૦૦૮માં કરવામાં આવી ત્યારે મહત્વની વાત એ હતી કે બાળકો સાથે કાર્ય કરનાર વ્યકિતઓ સંસ્થાઓ પોતે અલગ અલગ વિચારો – પધ્ધતિઓ સાથે કામ કરતા હોય છે અને જયાં સરખાપણું હોય ત્યાં જોડાય અન્યથા એકબીજાની સાથે જોડાતા નથી. અહિંયા આ ખરા અને આ ખોટા એ વાત જ નથી, કોઇ પોતાના વિચાર મૂકી દે એ વાત પણ નથી પરંતુ એકબીજાના વિચારો પ્રત્યે આદર રાખીને બાળકોને તો આપણે ચોકઠાની બહાર એકબીજાને મળવાની તકો પૂરી પાડવી જોઇએ ! આ જ તો લોકશાહીનું ખરાપણું છે ! આટલા વર્ષોમાં અલગ અલગ વિચારસરણી – કાર્ય પધ્ધતિઓ હોવા છતાં સંસ્થાઓએ સાથે આવીને બાળકોને ઉમદા તક પૂરી પાડી આ પ્રયાસને વધાવી લઇ નૂતન ચીલો ચાતર્યો તેનો આનંદ અને ગૌરવ છે. આજના યુગમાં આ ''દિલીસંવાદ'' મહત્વપૂર્ણ – અર્થપૂર્ણ છે.

# સંવાદ...નૂતન પહેલ...

શૈશવ અને અન્ય સંસ્થાઓના પ્રયાસોથી દેશના વિવિધ બાળ સંગઠનોના બાળકો વચ્ચેનો સંવાદ રાષ્ટ્રીય સ્તરે સાતત્યપૂર્ણ રીતે આગળ વધતો રહ્યો છે. ૨૦૦૮ થી શરૂ થયેલ પ્રયત્નો ૨૦૨૪માં પણ વિસ્તરતા રહ્યાં, બાળકોએ કંડારેલો પથ આપણા સૌ માટે માર્ગદર્શક બન્યો. આમ આ કાર્યમાંથી પ્રેરણા લઈ, શૈશવના ૩૦ વર્ષ અને બાલસેનાના ૨૦ વર્ષ પૂર્ણ થયા તે નિમિતે પ્રથમવાર એક ગોષ્ઠિ – બાળકોના ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓના સ્થાપકો – વડાઓની સાથે યોજવાની પહેલ કરવામાં આવી.

બાળક એ બાળક છે, એને જોવાના દ્રષ્ટિકોણ અલગ અલગ હોઈ શકે છે. એક રીતે જોઈએ તો દરેક દ્રષ્ટિકોણ અલગ અલગ સત્ય છે પરંતુ તેને કારણે વ્યવહારોમાં મર્યાદાઓ, એકબીજાની વાત સાંભળવામાં ન આવે તેવું કેમ ? ચાલોને સાથે મળીને સંવાદ કરીએ, દરેકને મળેલ સત્યને એકત્ર કરીએ – સરવાળા કરીએ ! કોઈ શરત વગર મળીએ – કોઈ ભાર વગર મળીએ એવા ભાવ સાથે સૌ સાથે આવ્યા – પ્રેમથી મળ્યા ! એક તરફ શિક્ષણ સરકારની જવાબદારી છે – મૂળભૂત અધિકાર છે તેમ માનનારા હતા, તો હોમ સ્કૂલીંગ સાથે અથવા વૈકલ્પિક શિક્ષણ પ્રણાલી સાથે જોડાયેલા હોય તેવા લોકો હતા. બાળકોની સુરક્ષા, બાળકોની સહભાગીતામાં માનનારા હતા. વિવિધતા હતી – પણ એકમેક પ્રત્યેનો આદર અને કંઈક મેળવીશું એવી ભાવના હતી. નાનકડો પ્રયાસ હતો. નાના જૂથમાં મળી રહ્યા હતાં, એટલે થોડીક વિશેષ કાળજી પણ રાખી હતી.

આ સમગ્ર સંવાદ – પ્રક્રિયા અમદાવાદની પ્રખ્યાત શૈક્ષણિક સંસ્થા આઇ આઇ એમના રાઇટ ટુ એજયુકેશન ફોરમના સુંદર સહયોગ વડે ૧ અને ૨ જૂનના રોજ આયોજિત કરવામાં આવી અને એ ભવ્ય પરિસરમાં મહામૂલી વાતો થઈ. કાર્યક્રમનો હેતુ, પૂર્વભૂમિકા અને પ્રયાસ અંગેની વાત શૈશવમાંથી પારૂલબહેન અને ફાલ્ગુનભાઈ કરી પછી બનાવેલાં માળખાઓ છોડી સર્જનાત્મક ચિંતન તરફ આગળ વધવાનું ભાથું બંધાવવા માટે જાણીતા ચિંતક અને લેખક શ્રી સુભાષભાઇ ભટ્ટે અમૂલ્ય વાતો કરી ચર્ચા માટેનું પ્લેટફોર્મ બનાવી આપ્યું, એ પ્લેટફોર્મ પર સૌ મુકતપણે પોતાની વાતો – અનુભવોને રજુ કરતા રહ્યા. બપોર પછીના સત્રમાં આઇઆઇએમના ભૂતપૂર્વ ડાયરેકટર શ્રી પ્રદીપભાઇ ખાંડવાલાએ સર્જનાત્મક ચિંતન અને આવશ્યકતા પર વાત કરી એકસરસાઇઝના માધ્યમથી ચિંતનનો વિશેષ માહોલ બનાવી આપ્યો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં બાળ સંગઠનોના પ્રતિનિધિ બાળકોના યોજાયેલ અધિવેશન અંગેનો સુંદર અહેવાલ પણ રજુ કરવામાં આવ્યો હતો, એ અહેવાલ પણ ચર્ચા માટેનો એક બેઝ બન્યો હતો.

બન્ને દિવસ અત્યંત રસપ્રદ અને અર્થપૂર્ણ ચર્ચાઓ થઇ અને એમાંથી એક સૂર નીકળ્યો કે આવી રીતે બિનઔપચારીક રીતે મુકતપણે મળતા રહેવું ખૂબ જરૂરી છે.

આ ઉપરાંત મહત્વનું પગલું એ પણ ભર્યું કે દરેક સંસ્થાએ પોતાની પાસે કેવી સાધન સામગ્રી છે, તેની ઉપયોગિતા વગેરેને લઇને સંસાધનો મુકતપણે સૌ ઉપયોગમાં લઇ શકે તે માટે માહિતી પૂરી પાડી તેનું સંકલન કરી સૌને આપવામાં આવી હતી.
પ્રથમ દિવસે સાંજે ગીતો દ્વારા જનજાગૃતિનું અદભૂત કાર્ય કરનાર વિનયભાઇ – ચારૂલબહેને અમદાવાદના આંગણે પધારેલા દેશના વિવિધ ભાગોની સંસ્થાઓના પ્રતિનિધિઓ સમક્ષ મન મૂકીને જાગૃતિ ગીતો ગાઇ, ભાવના વ્યકત કરી હતી કે આવો આપણે સૌ સાથે મળી સુંદર દુનિયા બનાવીએ !

આ સમગ્ર કાર્યક્રમના આયોજનમાં  આઇઆઇએમના પ્રો. અંકુશ સરીન તથા તેમના વિદ્યાર્થીઓએ શૈશવને ખૂબ મદદ અને સહયોગ કરી સફળ બનાવ્યો હતો, આપણે તેઓના ઋણી છીએ.

# શૈશવની ૩૦ વર્ષની યાત્રા નિમિતે વડોદરામાં કાર્યક્રમ

શૈશવના ૩૦ વર્ષ અને બાલસેનાના ૨૦ વર્ષ પૂર્ણ થયા તે નિમિતે કાર્યક્રમનું આયોજન કરતા વિચાર આવ્યો કે બહારથી ભાવનગર આવવાનું એટલે સમય જોઇએ – દૂર પડે એટલે બધા શુભેચ્છકો – મિત્રોને માટે આપણે એક દિવસનો કાર્યક્રમ વડોદરામાં યોજીએ તો સૌને અનુકુળ થઇ શકે અને અમે ૩૦ સપ્ટેમ્બર'૨૩ના રોજ વડોદરામાં આયોજન કર્યુ.

કાર્યક્રમને બે ભાગમાં વહેંચવામાં આવ્યો. સવારના પ્રથમ સત્રમાં શૈશવની વાતો વધુ કરવી અને બપોરના સત્રમાં બાળકને કેન્દ્રમાં રાખી નૂતન અર્થો અને આયામો શોધવા શું કરવું તેની ગોષ્ઠિ રાખવાનું આયોજન કર્યું.

પ્રથમ સત્રમાં પ્રાર્થના અને સૌનું સ્વાગત ફાલ્ગુનભાઇએ કર્યા પછી બાલસેનાના ૨૦ વર્ષની મહત્વની વાતો – મૂલ્યવાન વાતો પારૂલબહેને કરી ત્યાર પછી શૈશવના બાલદોસ્ત અને જાણીતા ચિંતક અને લેખક શ્રી સુભાષભાઇ ભટ્ટે શૈશવની ૩૦ વર્ષની યાત્રાને લક્ષમાં રાખી બાળપણની શોધ અંગે સુંદર વાતો કરી હતી. કેટલાક નિરિક્ષણો મૂકી આપ્યા. જેની વિશેષ ચર્ચા કરવા સૂચન કર્યું. ત્યારબાદ ઉપસ્થિત શુભેચ્છકો, વિવિધ સંસ્થાઓના સ્થાપકો – સીનીયર કાર્યકરો વગેરેમાંથી સેવા–રૂરલમાંથી ડો. શ્રેયભાઇ દેસાઇ, અંજલિ સંસ્થાના ડો. લલિતભાઇ શાહ, ગ્રામ સેવા ટ્રસ્ટના ડો. અશ્વિનભાઇ શાહ, એમીટી સ્કૂલના સ્થાપક અને શૈશવની યાત્રાની શરૂઆતથી બાલદોસ્ત શ્રી રણછોડભાઇ શાહ, આતાપી સેવા ફાઉન્ડેશન સંસ્થાના ચંદ્રીકાબહેન, ચેતના સંસ્થાના ભૂતપૂર્વ કાર્યકર અને બાલદોસ્ત મીનાક્ષીબહેન શુકલ વગેરેએ શૈશવના કાર્યને પોંખીને શુભેચ્છાઓ પાઠવી હતી. આ ઉપરાંત શૈશવ બાલસેનાના બાળકો કૌશિક અને જાહન્વી, અગાઉ બાલસેનામાં બાળકો અને હવે શૈશવના કાર્યકરો ઇશાબહેન તથા શિવાનીબહેન, ભૂતપૂર્વ કાર્યકરોમાંથી નેહલભાઇ ત્રિવેદી તથા પ્રેમજીભાઇ વાલસુરે પોતાની વાતો કરી વાતાવરણને જીવંત – ભાવુક બનાવી દિધું હતું.

આ પ્રસંગે બાલસેનાના ૨૦ વર્ષ પૂર્ણ થયા તે નિમિતે તૈયાર કરવામાં આવેલ બે ડોકયુમેન્ટેશનનું વિમોચન શ્રી અશોકભાઇ ભાર્ગવ, ડો. શ્રેયભાઇ, શ્રી સુખદેવભાઇ, શ્રી રાજેશભાઇ અને બાળકો કૌશિક તથા જાહન્વીએ કર્યુ હતું.

બાળપણનો સ્વાધ્યાય – પુસ્તકમાં બાળકોના સંગઠન બાલસેનાની સ્થાપના, પ્રવૃતિઓ, સિધ્ધિઓ, કાર્યો વગેરે વિષયની વાતો છે જયારે સહકાર્યની સાર્થકતા પુસ્તકમાં બાલસેનાના હાલના અને ભૂતકાળના એવા ૧૩૦ બાળકો સાથે રહી બાલસેનાની બાળકોના જીવન પર કેવી અસરો આવી તેને ધ્યાનમાં લઇ કરવામાં આવેલ અભ્યાસનો અહેવાલ છે.

બપોરના ભોજન પછીનું સત્ર બાળકો સાથેના હાલના કાર્યો અને પ્રશ્નો – પડકારો વગેરેને લઇને નવા કાર્યો કેવા હોવા જોઇએ તે અંગેની ચર્ચા માટે સહજ સંસ્થાના રેણુબહેન ખન્નાના અધ્યક્ષપદે પેનલમાં શૈશવના ટ્રસ્ટી ડો. એસ શ્રીધર, ગણતરના શ્રી સુખદેવભાઇ, સ્વપથના શ્રી રાજેશભાઇ ભટ્ટ તથા શૈશવમાંથી પારૂલબહેન વગેરેએ પોતાના વિચારો વ્યકત કર્યા હતા. ચર્ચાની શરૂઆતમાં શૈશવમાંથી ફાલ્ગુનભાઇએ ચર્ચા માટેના મુદાઓ દ્વારા પ્લેટફોર્મ બનાવી દિધું હતું. કાર્યક્રમમાં ગુજરાતમાંથી લગભગ ૧૦૦ ઉપરાંત મિત્રો અને શુભેચ્છકો ઉપસ્થિત રહી શૈશવની યાત્રાને સમર્થન અને શુભેચ્છાઓ પાઠવી હતી. આમ સમગ્ર કાર્યક્રમ સફળતા પૂર્વક સંપન્ન થયો હતો.

# બાલસેના

બાળકોનું બાળકો દ્વારા સંચાલિત બાળ સંગઠન – બાલસેના એ ગુજરાતનું અનોખું સ્વૈચ્છિક બાળ સંગઠન છે જે મૈત્રી, એકતા અને સમાનતાના પાયાના મૂલ્યો પર સાતત્યપૂર્ણ રીતે આગળ વધતું રહ્યું છે. જોતજોતામાં ૨૦ વર્ષ પૂર્ણ થયા અને ૨૧માં વર્ષમાં પ્રવેશ્યું ! બાળકોની કોઇ એક પોતીકી જગ્યા નથી પણ વિસ્તારોમાં – ઘર આંગણે બાળ પ્રવૃતિ માટે બાળ મૈત્રીપૂર્ણ વિસ્તાર બનાવવાનું કાર્ય – બાળકોની જગ્યા વિકસાવવાનું કાર્ય બાળકોએ કરી નૂતન રાહ ચીંધ્યો છે ! કયાંક ફળીયામાં, કયાંક કોઇના ઘરનો વાડો કે ઓટલો, કયાંક મંદિરનો ઓટલો કે કોઇ નિશાળનું કમ્પાઉન્ડ...... બાળકો પોતાની જગ્યા વિકસાવતા રહ્યા છે. જયાં તેઓ મન મૂકીને આનંદ – મજા કરી શકે !

આજે શહેરોમાં જગ્યાઓનો અભાવ છે. બાળકો માટે મેદાનો નથી અથવા નહીંવત છે ત્યારે વિસ્તારમાં સાતત્યતાથી જગ્યા મળે એટલે કેવળ ભૌતિક નહીં પણ લોકમાનસ બાળકોના પ્રવૃતિ – રમતના અધિકારને માન્ય રાખે – બાળકોને સ્વીકારે તે પણ વિશેષ મહત્વનું છે. આમ કમ્યુનીટીબેઝ બાળપ્રવૃતિઓ એક નૂતન અર્થપૂર્ણતા પણ છે. બાળ મૈત્રીપૂર્ણ જગ્યાઓનો વિકાસ અનેક અર્થોને વિસ્તારવામાં મહત્વપૂર્ણ છે. ! જુદી જુદી પ્રકારની બદીઓ અટકે છે તો વળી વ્યવહારો પણ અહિંસક ભાષામાં પરિણમતા થઇ શકે છે !

આમ શહેરના અલગ અલગ વિસ્તારોમાં બાળ પ્રવૃતિઓ સાથે નવા નવા અર્થો પણ વિકસી રહ્યા છે. બાલસેનામાં આ વર્ષ દરમ્યાન નિયમિત પ્રવૃતિઓ ઉપરાંત નૂતન પ્રવૃતિઓ, કાર્યક્રમો થયા તેની વાત અહીંયા સંક્ષિપ્તમાં કરી છે.

આ વર્ષે બાલસેનામાં ૨૨ વિસ્તારના ૪૦૩ છોકરાઓ અને ૩૮૯ છોકરીઓ મળીને કુલ ૭૯૨ બાળકો સભ્ય છે જયારે ૧૫ શાળાઓમાં ૭૨૬ છોકરાઓ અને ૮૨૯ છોકરીઓ મળીને કુલ ૧૫૫૫ બાળકો સભ્ય છે, એટલે કે કુલ ૨૩૯૭ બાળકો સાથે કાર્યક્રમ ચાલી રહ્યો છે.

## વેકેશન શિબિર

શૈશવ દ્વારા ૧૯૯૫ થી એક પરંપરાની જેમ અને નૂતન પહેલ કરી શકાય તેવા હેતુથી દર વર્ષે ઉનાળુ વેકેશન શિબિરનું આયોજન વિસ્તારોમાં બાળકોના ઘર આંગણે કરવામાં આવતું રહ્યું છે અને તેના ભાગરૂપે આ સમયગાળામાં અનેક પ્રવૃતિઓ થતી રહી છે.

આ વર્ષના ઉનાળું વેકેશન શિબિરની થીમ પર્યાવરણ હતી તેને અનુલક્ષીને ખોરાક, પાણી, હવા અને ધરતીના વિષય પર પ્રવૃતિઓ દ્વારા બાળકો પ્રદુષણ અંગે, સ્વસ્થ વિકાસ અને મહત્વતા વિષેની મૂલ્યવાન વાતો શીખ્યાં હતાં.

વેકેશન શિબિરનું ઉદઘાટન ૨૪ એપ્રિલના રોજ બાલસેનાના બાળકના સક્રિય વાલી ભગવતીબેન સરવૈયા દ્વારા કરવામાં આવ્યું હતું. વિસ્તારમાં કુલ બાળકો શિબિરમાં સહભાગી થયાં હતાં, જયારે વેકેશન શિબિરનો પૂર્ણાહુતિ કાર્યક્રમ ૪ જુનના રોજ માજીરાજ ગર્લ્સ હાઇસ્કુલ ખાતે યોજવામાં આવેલ, જેમાં બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ અન્વયે અભિનય ગીતો, નાટક અને ગરબાની કૃતિઓ રજુ કરી હતી, જયારે ઉપસ્થિત બાલદોસ્ત અને પર્યાવરણવિદ્ શ્રી રાજેશભાઇ ત્રિવેદીએ પર્યાવરણના જતન અને સંવર્ધન અંગે ઉદાહરણો સાથે વાતો કરી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

## સ્વચ્છ – સ્વસ્થ બાળક – ઘર – વિસ્તારનો સર્વે

આ શિબિરમાં બાળકોએ નૂતન કાર્ય કર્યું ! 'હેલ્ધી હોમ' – સર્વે કરવાનું નક્કી કર્યું. લીડરશીપ કેમ્પમાં સક્રિય બાળકોએ ભેગા થઈ સર્વે કેવી રીતે કરવો તેના મુદ્દા અને માપદંડ વગેરે નક્કી કર્યા. પ્રથમ પોતાના વિષે નક્કી કર્યું. 'સ્વસ્થતા અને હું' હેઠળ રોજ બ્રશ કરું છું, ભોજન પહેલા હાથ ધોવા, બહારથી આવીને હાથ – પગ ધોવા, વ્યવસ્થિત દફતર અને ચીજવસ્તુઓ વગેરે જેવા માપદંડ નક્કી કર્યા. તો વળી 'મારું સ્વચ્છ ઘર' હેઠળ રોજ કચરા – પોતા થાય છે, માટલું વિછળીને ઢાંકવું, ખોરાક વ્યવસ્થિત ઢાંકીને રાખવો, પાણી માટે ડોયાનો ઉપયોગ જેવા બીજા માપદંડ નક્કી કર્યા. બાળકોએ એકબીજાના ઘરે જઈ આ બાબતો ચકાસીને માર્ક આપ્યા ! આ ઉપરાંત 'સ્વચ્છ ફળીયું' અંગે પણ વિવિધ માપદંડ તૈયાર કરી સર્વે કર્યો. સર્વેના તારણો તારવ્યા ! બાલસેના કાર્યરત છે એવા ૧૬ વિસ્તારમાં ૧૪૩ બાળકોએ સર્વે કર્યો અને તે માટે ૪૮૫ વ્યક્તિગત બાળકો, ૨૯૧ ઘરોની રૂબરૂ મુલાકાત તથા ૪૬ શેરી / ફળીયા – ગલીઓનું નિરીક્ષણ કર્યું હતું. એ થયું કે બાળકો સ્વચ્છતા – સ્વસ્થતા અંગેના મુદ્દાને સ્પષ્ટ રીતે સમજયા, પોતાની ટેવો કે કુટેવો બદલવા પ્રતિબધ્ધ થયા, જવાબદારી સમજયા ! આમ સહભાગિતા દ્વારા સ્વચ્છતાના પાઠ શીખ્યા પણ આમાંથી મહત્વનો મુદ્દો નીકળ્યો તે એ હતો કે બાળકોમાં તૈયાર પેકેજવાળા નાસ્તા (પડીકા – જંકફુડ) ખાવાની જબરજસ્ત ટેવ છે તે બહાર આવી ! પૌષ્ટિક આહારના નામે તૈયાર પડીકા લાવી શું ખાઈ રહ્યા છે તે મુદ્દા પર ફરી બાળકોએ પહેલ કરી સર્વે કર્યો. અમને લાગ્યું કે આ જ તો સાચું શિક્ષણ બાળકો મેળવી રહ્યા છે ! ફરી શિબિરમાં બાળકોએ ભેગા થઈ આ માટે કેવી રીતે કામ કરવું તેના મુદ્દાઓની ચર્ચા કરી એકશન પ્લાન બનાવ્યો.

## જંકફુડ – પડીકાના વપરાશનો સર્વે

બે રીતે માહિતી એકત્ર કરી. એક તો પોતાના વિસ્તારમાંથી લોકોએ ઉપયોગ કરીને નાંખી દિધેલ ખાલી પડીકાના રેપર એકત્ર કર્યા તો બીજી તરફ વિસ્તારની દુકાનોમાં જઈને બેસીને દિવસ દરમ્યાન કેવા – કેવા અને કેટલા પડીકા વેચાય છે તે માહિતી ભેગી કરી. આ માટે એક અઠવાડિયાનું આયોજન કર્યુ હતું. કયા અને કેટલા પડીકાનો ઉપયોગ થાય છે તેને વેચાણ કિંમત સાથે રાખી ગણતરીઓ કરી. એક અઠવાડિયામાં, એક મહિનામાં અને એક વર્ષમાં કેટલા પડીકા કેટલી રકમના ખવાયા તેની ત્રિરાશી માંડી ! એક રૂપીયાથી લઈને પંદર અને વીસ રૂપિયા સુધીના ૧૦૩ પ્રકારના પડીકાનો વપરાશ થાય અને વાર્ષિક ૩,૧૧, ૨૭,૭૭૨ રૂપિયાના ૨૨ વિસ્તારમાં ખવાય તે બાબતને બહાર લાવ્યા ! આ ૨૨ વિસ્તારમાં ૩૪૧૦ ઘર છે એટલે કે સરેરાશ ઘર દીઠ પાંચ પડીકા રોજના ખવાય છે. આ સર્વેમાં ૧૨૪ બાળકોએ સહભાગી થઈ નેતૃત્વ લીધું હતું. આપણા પોતાની મહેનતના પૈસા કયાં કેવી રીતે ખોટા ખર્ચાય છે તેની ગંભીરતા સમજાઈ ! બાળકો અહીંયા અટકવાના નથીં તેઓએ ફોલોઅપ કરવાનું નક્કી કર્યુ.

પડીકા ખાવાનું બંધ કેવી રીતે થાય, પડીકા દ્વારા શારીરીક – માનસિક સ્વાસ્થયને કેવી રીતે નુકશાન થાય છે તેની માહિતી એકત્ર કરી, ગુગલ લેન્સ દ્વારા પડીકા પર છપાયેલ સંદિગ્ધ માહિતીને અનુવાદ કરીને સમજયા તો વળી ન્યુઝ પેપર વગેરેમાંથી માહિતી એકત્ર કરી પ્રદર્શન તૈયાર કર્યા અને વિસ્તારમાં – જાહેર સ્થળોએ જઈને લોકોને સમજાવવાનું શરૂ કર્યું. બાળ અધિકારના સપ્તાહની ઉજવણી પણ આ રીતે કરી પ્રતિબધ્ધતા દર્શાવી. બાળકો દ્વારા જંકફુડ અંગેનો આ પ્રકારનો કદાચ દેશમાં ગુજરાતમાં પ્રથમવાર સર્વે થયો તેનો આનંદ અનુભવ્યો ! આ માહિતી સ્થાનિક સમાચારપત્રોમાં આવી અને સાથોસાથ ટીવી ચેનલો પર બાળકોના ઈન્ટરવ્યું સાથે પ્રસારણ થયું હતું.

## બાલસેનાનો ૨૧મો વાર્ષિકોત્સવ

દર વર્ષની જેમ આ વર્ષે ૧૭ ડિસેમ્બર'૨૦૨૩ને રવિવારના રોજ બાલસેનાનો ૨૧મો વાર્ષિકોત્સવ જંકફૂડની થીમ પર ઉજવીને બાલસેનાએ દરેક વાર્ષિક કાર્યક્રમને નૂતન રીતે ઉજવવાની પરંપરા જાળવી રાખી હતી.

કાર્યક્રમની શરૂઆત સવારે રેલીથી કર્યા પછી શ્રી દોલત અનંત વળીયા સ્કૂલ સંકુલમાં બાળકોએ ધ્વજવંદન કર્યા પછી નાના – મોટા એમ બે ભાગમાં નાના – નાના જૂથમાં  બાળકો વહેંચાઇ જઇને જંકફૂડથી થતાં નુકશાન અંગેના વિવિધ મુદ્દાઓ સમજવા પ્રવૃતિઓમાં જોડાયા હતાં.

સંસ્થા દ્વારા વિકસાવાયેલ ગેમબોર્ડની સાથે ઇચ્છા અને જરૂરીયાત એટલે શું ? ભાવતું ભોજન બન્યુ વેરી, વ્યસન અને સુખી જીવનની શોધમાં જેવા મુદ્દાઓ સાથે જંકફૂડની વાતને સમગ્ર પરિપ્રેક્ષ્યમાં રમતા – રમતા સમજવાનો પ્રયત્ન કર્યો હતો. આ પ્રવૃતિઓમાં સંસ્થાના કાર્યકરો સાથે બાલસેનાના સીનીયર બાળકોએ ફેસીલીટેટર તરીકે ઉમદા કાર્ય કર્યુ હતું.

બપોરના ભોજન પછી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાસનાધિકારી શ્રી બડમલિયા તથા ખેડૂત અગ્રણી ભરતભાઇ જાંબુચાએ પ્રોત્સાહિત કરતી વાતો કરી બાળકો સાથે સંવાદ સાધ્યો હતો.

વાર્ષિક કાર્યક્રમમાં બાલસેના ૩૯૧ બાળકો મળીને ૪૫૦ લોકો સહભાગી થયા હતા જયારે કાર્યકરો તથા ઘરશાળા અધ્યાપન મંદિરની પીટીસીની વિદ્યાથીનીઓએ સ્વયંસેવક તરીકે ઉમદા જવાબદારી નિભાવી હતી.

## બાળ નેતૃત્વ તાલીમ શિબિર :-

બાલસેનાના બાળકો સાથે અનેકવિધ પ્રવૃતિઓ – કાર્યક્રમો દૈનિક – અઠવાડિક સમયપત્ર પ્રમાણે થતા રહે તે ઉપરાંત નેતૃત્વ વિકાસ માટે નિવાસી તથા બિન નિવાસી શિબિરો પણ અલગ અલગ થીમ પર યોજાતી રહેતી હોય છે.
આ વર્ષે ૩ નિવાસી શિબિરો યોજાઇ હતી.

### પ્રથમ શિબિર :-

૨૩–૨૪એપ્રિલના રોજ યોજાઇ હતી જેમાં પર્યાવરણના મુદ્દાઓ ઉપરાંત બાળકોના અધિકારો અને બાળમજૂરીની સમસ્યા – નિવારણ તથા બાળકોને લગતા કાયદાઓ વિષે પ્રવૃતિ આધારિત ચર્ચાઓ કરવામાં આવી હતી. બાળ શિબિરાર્થી જયદિપને કુદરતમાં વિહરવું છે, તો શના અને ગોપાલને ભેદભાવ વગરની દુનિયા જોઇએ છે જેમાં દરેક બાળકને સમાન અધિકાર મળે ! કૌશિક કહે છે : મને મોબાઇલ ફોન નથી જોઇતો, મને તો સ્વચ્છ વાતાવરણ જોઇએ છે ! બાળકોએ પ્લાસ્ટિકનો વપરાશ ઘટાડવાનું નકકી કર્યુ, સાથોસાથ કાપડની થેલી વાપરવા પર ભાર મૂકયો, ઘર અને તેની આસપાસ કચરો ન નાંખવો અને તેને માટે બધાને સમજાવવાનું નકકી કર્યું.

આ ઉપરાંત વ્યકિતગત સ્વચ્છતા, સ્વચ્છ ઘર અને ફળિયા અંગેનો સર્વે કરવા માટેની પધ્ધતિ તથા સાધન વિગેરેને

સમજવાનો પ્રયાસ કર્યો હતો (આ અંગે આગળ વાત કરી છે.) આ શિબિરમાં ૭૪ બાળકો સહભાગી થયા હતા.

**બીજી શિબિર:-**

૨૨ – ૨૩ જુલાઇ' ૨૦૨૪ના રોજ બીજો કેમ્પ યોજવામાં આવ્યો. આ શિબિરમાં બાલસેનામાં લોકશાહીને મજબુત કરવા માટે યોજાતી દર વર્ષની ચૂંટણીઓ અંગે પણ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું હતું. દરેક વિસ્તારમાંથી ચૂંટાયેલા કેપ્ટન, વાઇસ કેપ્ટન અને કોર ગ્રૂપ સભ્યોની કાઉન્સીલ અને તે સૌ ભેગા થઇ બાલસેનાના અધ્યક્ષ – ઉપાધ્યક્ષની ચૂંટણી કરે.

આ શિબિર લોકશાહી પર્વ બની રહે. ચૂંટણી માપદંડ આધારિત પારદર્શક પધ્ધતિથી થાય. આ નિમિતે બાળકો સાથે નેતૃત્વ કેવું હોવું જોઇએ ? સારા નેતાના લક્ષણો કેવા હોય ત્યાંથી લઇને રાજાશાહી, સરમુખત્યાર શાહી, એક શાસક દ્વારા શાસન થી લઇને લોકશાહી અને સમજનતંત્ર વિષે અનુભવ અને પ્રવૃતિ આધારિત પ્રવૃતિઓ દ્વારા ચર્ચા થાય. બાળકો આ દરેક વ્યવસ્થાના સારા નરસા પાસા સમજે. દર વર્ષે આ શિબિર થાય. આ વર્ષે બાલસેનાના અધ્યક્ષ તરીકે ઇન્દીરાનગરમાંથી કૌશિક અને મીરાનગરમાંથી રીધ્ધી અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ તરીકે ચૂંટણીમાં ઉભેલા આઠ ઉમેદવારોમાંથી ચૂંટાઇ આવ્યા હતા.

**ત્રીજી શિબિર :-**

ત્રીજી શિબિર તા. ૧૭–૧૮ નવેમ્બર–૨૪ના રોજ યોજાઇ જેમાં કુલ ૫૮ બાળકો સહભાગી થયાં હતાં. બાળકો સાથે વિવિધ પ્રવૃતિઓ દ્વારા જંકફૂડથી સ્વાસ્થયને કેવા પ્રકારનું નુકશાન થાય છે તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. અહિંયા તાલીમ મેળવેલ સક્રિય બાળકોએ વાર્ષિક કાર્યક્રમમાં સંસ્થાના કાર્યકરો સાથે અન્ય બાળકોને આ પ્રવૃતિઓ કરાવી હતી.

**એક દિવસીય શિબિર :-**

૧૧ થી ૧૬ વર્ષના મોટા બાળકો સાથે યોજાતી વિવિધ તાલીમોના ભાગરૂપે આ વર્ષે ૮ તાલીમ શિબિરો યોજી હતી જેમાં ૩૭૩ બાળકો સહભાગી થયા હતા. તેઓની સાથે બાળઅધિકાર, ટીમબિલ્ડીંગ, સંગઠન –સહકાર – સહયોગ, નેતૃત્વ જેવા મુદ્દાઓની તાલીમ અનેકવિધ પ્રવૃતિઓ દ્વારા યોજવામાં આવી હતી.

આમ વર્ષ દરમ્યાન નિવાસી તથા બિનનિવાસી તાલીમ શિબિરો યોજાતી રહી હતી.

**બાળ અધિકાર સપ્તાહ :-**

દર વર્ષે ૧૪ નવેમ્બર રાષ્ટ્રીય બાળ દિન અને ૨૦ નવેમ્બર આંતરરાષ્ટ્રીય બાળ અધિકાર દિનને ધ્યાનમાં રાખી બાળકોની બાળકોની સમસ્યા – મુદ્દાઓને લઇને બાળ અધિકાર જાગૃતિ સપ્તાહ સમગ્ર ટીમ દ્વારા ઉજવવાની પરંપરા છે. આ વર્ષે બાલસેનાના સક્રિય બાળકો તથા કાર્યકરોએ મળીને જંકફૂડની સ્વાસ્થ્ય પર ખરાબ અસરો અંગે શેરીનાટક, પ્રદર્શન અને વ્યકિતગત સંવાદો દ્વારા શહેરના ૩૮ વિસ્તારોમાં જનજાગૃતિનું કાર્ય કર્યુ હતું. આ જાગૃતિ સપ્તાહ દરમ્યાન ૧૩૬૧ બાળકો તથા ૧૫૬૧ વાલીઓનો સંપર્ક થયો હતો.

**વિવિધ તહેવાર – રાષ્ટ્રીય દિવસોની ઉજવણી :-**

બાળકો વિવિધ રાષ્ટ્રીય દિવસો – તહેવારોના મહત્વ અને મહિમા વિષે, કારણો વિષે, પરંપરાઓ વિષે જાણે સમજે તથા મૂલ્યોને આત્મસાત કરે તે માટે દર વર્ષે વિવિધ ઉજવણી કરવામાં આવતી હોય છે. આ ઉજવણીઓમાં બાળકો જાતે નેતૃત્વ લે, તૈયારીઓ કરે – પ્રવૃતિઓનું આયોજન કરે, પ્રોજેકટ તૈયાર કરે તેવી બાબતોનું વિશેષ ધ્યાન રાખવામાં આવે છે.

આ વર્ષ દરમ્યાન રક્ષાબંધન, નવરાત્રી અને દિવાળી, ઉતરાયણના તહેવારો ઉપરાંત નદી દિવસ, વિજ્ઞાન દિવસ અને જળ દિવસની ઉજવણી ૨૨ વિસ્તારોમાં કરવામાં આવી હતી. જેમાં કુલ ૨૭૨૫ બાળકો સહભાગી થયા હતાં.

**રમતોત્સવ :-**

બાળકોમાં મોબાઈલની આદત ગંભીર સમસ્યા બની ગઈ છે ત્યારે રમતોના માધ્યમથી આદત છૂટે તથા મેદાની રમતો દ્વારા બાળકો ખેલદીલી, મૈત્રી, સહકાર, કૌશલ્યો શીખે તે માટે સઘન પ્રયત્નો કરવા અત્યંત જરૂરી છે.

આ અનુસંધાનમાં દર અઠવાડિયે વિસ્તારોમાં જઇને કાર્યકરો મૈત્રીની  રમતો તો રમાડે ઉપરાંત દર વર્ષે રમતગમત દિવસ ઉજવવાનું શરૂ કર્યું છે. ખો ખો – કબડ્ડી જેવી રમતો માટે વિસ્તારમાં બાળકોએ ટીમો બનાવી છે તેઓ પોતાના અને આસપાસના વિસ્તારના બાળકો સાથે રમે અને તેમાંથી આગળ વધતી ટીમ ઝોન સ્તરે અને ફાઇનલ રમે તેવુંઆયોજન કર્યું, જેમાં લાખાજીનગર તથા ખારા વિસ્તારની કિશોરીઓએ સુંદર પ્રદર્શન કર્યું હતું જયારે ખારા વિસ્તારની કિશોરીઓએ બન્ને રમતોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. રમતો બાળકોને નજીક લાવે, જેન્ડરના ખ્યાલોમાં પરિવર્તન લાવતી હોય છે.

આ ઉપરાંત ૨૨ વિસ્તારના ૪ ઝોનમાં કોથળા દોડ, દોરડાખેંચ, લોટફૂંક જેવી દેશી રમતોના દિવસ ઉજવવામાં આવ્યા હતાં. આમ ૫૧૧ બાળકોએ રમતગમતમાં વિશેષ લાભ લીધો હતો.

**કિશોરાવસ્થા જાગૃતિ કાર્યક્રમ  :-**

કિશોરાવસ્થા દરમ્યાન થતા શારીરિક, માનસિક અને ભાવનાત્મક ફેરફારો અંગે સાચી વૈજ્ઞાનિક સમજ અને માર્ગદર્શન મળે તે મહત્વનું છે. સંસ્થાની શરૂઆતથી આ બાબતો પર વધુ ધ્યાન આપવામાં આવી રહ્યું છે તેના પરિણામે તરૂણાવસ્થા કાર્યક્રમ નિયમિત રીતે બાલસેનામાં ચાલી રહ્યો છે અને પરિણામો ખૂબ ઉત્સાહજનક મળી રહ્યા છે.

હવે તો સંસ્થા દ્વારા આ અંગે તાલીમકારોની તાલીમ પણ યોજવામાં આવે છે જેની વધુ વિગત તાલીમ કેન્દ્રના અહેવાલમાં આપી છે.

કિશોર – કિશોરી બન્ને સાથે કાર્ય કરવું જરૂરી છે. આ સંદર્ભમાં બે સ્તરે કાર્યક્રમ કાર્યરત છે.  એક તો કાર્યકરો દ્વારા વિસ્તાર – શાળામાં પ્રવૃતિઓ દ્વારા માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે તો જે કિશોરીઓ નેતૃત્વ લઇ કંઇક કરવા ઇચ્છે છે તેવી કિશોરીઓને પણ તાલીમકાર તરીકેની તાલીમ મળતાં પોતાના વિસ્તારમાં અન્ય કિશોરીઓને સમજ – માર્ગદર્શન આપવાનું કાર્ય કરે છે. આ વર્ષે ૨૩ કિશોરીઓએ વિશેષ તાલીમ પ્રાપ્ત કરી તાલીમકાર તરીકે કાર્ય કર્યું હતું.

આમ બાલસેના કાર્યક્રમ હેઠળના વિસ્તારો તથા શાળાઓમાં તરૂણાવસ્થાના શારીરિક, માનસિક અને ભાવનાત્મક ફેરફારો, સુરક્ષાના મુદ્દાઓ પ્રેમ અને આકર્ષણ, જાતીયતા એટલે શું?, માસિક, સાચા અને યોગ્ય નિર્ણયો, સ્વસ્થ મિત્રતા, જેન્ડર, સામાજિક જેવા અનેક મુદ્દાઓ આવરીને કિશોરીઓને તાલીમ આપવામાં આવી રહી છે.

**કિશોરી સંમેલન :-**

૭ જાન્યુઆરી'૨૦૨૪, રવિવારના રોજ કિશોરી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં ૨૦૩ કિશોરીઓએ ભાગ લઇ પ્રેમ અને આકર્ષણ, સ્વસ્થ જાતીયતા, ઓનલાઇન સેફટી, સ્વસ્થ મૈત્રી જેવા મુદ્દાઓ પર પ્રવૃતિઓ અને ચર્ચા કરી માર્ગદર્શન મેળવ્યું હતું.

આ કિશોરી સંમેલનની વિશિષ્ટતા એ હતી કે બાલસેનામાં કિશોરીઓ તરીકે જોડાઇને આગળ આવેલ યુવતીઓએ પોતાના જીવનના સંઘર્ષ, હકારાત્મક અભિગમ, બાલસેના દ્વારા ઘડતર વગેરે મુદ્દાઓને આવરી લઇ કિશોરીઓને ઉદાહરણરૂપ વાતો કરી પ્રોત્સાહન પૂરૂ પાડયું હતું. આ માટે સોનલ, રીના અને શિવાનીએ પ્રેરણાત્મક વાતો કરી હતી.

**વેનલીડો – પરિચય તાલીમ :-**

બાલસેનામાં જોડાતી કિશોરીઓને દર વર્ષે સલામતી – સુરક્ષાના મુદ્દે વેનલીડો – સ્વરક્ષણની તાલીમ નિયમિત રીતે આપવામાં આવતી રહે છે. આ વર્ષે ૧૧ થી ૧૫ વર્ષની ૪૬૯ કિશોરીઓને વિશેષ તાલીમ આપવામાં આવી હતી.

**બાલસેનાના બાળકોનું પ્રતિનિધિત્વ :-**

- નેશનલ ફોરમ ફોર રાઇટ ટુ પાર્ટીસીપેશન અને બાલસેનાના ઉપક્રમે ૨૯ થી ૩૧ મે'૨૩ દરમ્યાન અમદાવાદમાં આયોજિત બાળકોના પાંચમા રાષ્ટ્રીય અધિવેશનમાં બાલસેનાના જાહ્નવી, નમ્રતા, ગોપાલ, અને કૌશિકે પ્રતિનિધિત્વ કર્યું હતું. આ અધિવેશનમાં ૮ રાજયોના બાળ સંગઠન ના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

- મહિલા અને બાળ વિકાસ વિભાગ, કેન્દ્ર સરકાર, નવી દિલ્હી દ્વારા બાળ સંરક્ષણ નીતિ – માર્ગદર્શિકા કેવી હોવી જોઇએ તેના માટે નાગરિકો પાસેથી સૂચનો માંગ્યા હતા એના અનુસંધાનમાં ૬ ઓગષ્ટ'૨૦૨૩ના રોજ બાલસેનાના પ્રતિનિધી એવા ૧૩ બાળકોએ મીટીંગ કરી, ચર્ચા વિચારણા કરી પોતાના સૂચનો મોકલાવ્યા હતાં.

- શૈશવના ૩૦ વર્ષ પૂર્ણ થયા તે નિમિતે વડોદરામાં યોજેલ, સ્નેહમિલન કાર્યક્રમમાં બાલસેનામાંથી કૌશિક, જાહ્નવી અને રિધ્ધીએ પ્રતિનિધિત્વ કર્યુ હતું.

- સાઉથ એશિયા ઇનીશીએટીવ અગેઇન્સ્ટ ચીલ્ડ્રન વાયોલન્સ ના નેશનલ એકશન કો ઓર્ડિનેટર ગ્રુપ દ્વારા રાષ્ટ્રીય સ્તરનો બાળકો માટેનો 'કલાયમેટ ચેન્જ અને તેની બાળકો પર અસરો' અંગેનો વર્કશોપ નવેમ્બર'૨૩માં ઓનલાઇન યોજવામાં આવેલ તેમાં બાલસેનાન બાળકોએ પ્રતિનિધિત્વ કર્યુ હતું.

બાળકો સાથે કાર્ય કરીએ છીએ એટલે તેઓની સહભાગિતાના અનુસંધાનમાં અમે નીચેના મુદ્દાઓ અંગે પોટસ એન્ડ બીન્સની પ્રવૃતિના માધ્યમથી તેઓના અભિપ્રાય – મંતવ્યોને જાણવાનો પ્રયત્ન કર્યો હતો, જેથી બાળકોના સૌથી મહત્વના સહભાગિતાના અધિકારના સંદર્ભમાં આપણા કાર્યો – પ્રવૃતિઓને હજુ વધુ અસરકારક બનાવી શકીએ.

બાળકોએ દર્શાવેલ મંતવ્યો મુજબ સંસ્થાની પ્રવૃતિઓ અને આયોજનોમાં ૧. દરેકની સામેલગીરી ૨. પારદર્શિતા અને માહિતીપ્રદ ૩. બાળમૈત્રીપૂર્ણ વાતાવરણ ૪. બાળકોને સુસંગત કાર્યો ૫. આધારભૂત તાલીમ ૬. જવાબદેહિતા ૭. આદરપૂર્ણ વર્તુણક તથા ૮. સલામતી અને જોખમો સામે સંવેદનશીલતા ૯. ફરજીયાત નહીં પણ સ્વૈચ્છિક સામેલગીરી જેવા મુદ્દાઓનું મૂલ્યાંકન કરતા સરેરાશ ૬૦ %ગુણ મળ્યા હતા. દર વર્ષે થતા આ મૂલ્યાંકનમાં ૯૦ થી ૬૦% નું વેરીએશન આવતું રહ્યું છે આનંદ છે પરંતુ હજુ વધુ સંકલ્પબધ્ધતા કેળવવી અત્યંત જરૂરી છે તે પણ સમજાતું રહ્યું છે.

આ મૂલ્યાંકનમાં ૨૨ વિસ્તારના ૪૧૪ બાળકોએ ભાગ લઇ પોતાના નિખાલસ મંતવ્યો આપ્યા હતા.

**કાળજી અને સંભાળ**

કુંભારવાડાના મિલની ચાલી વાળા વિસ્તારમાં એ રહે. શરૂઆતમાં બાલસેનાની પ્રવૃતિઓ દૂરથી જોયા કરે પણ જોડાય નહીં પરંતુ પછીથી નિયમિત રીતે જોડાતો થયો.

આ વિસ્તાર ભારે ! આ બાળક પણ અન્યની સોબતે ચઢયો અને ખોટી આદતો નો શિકાર બન્યો. ભણવામાં હોંશિયાર, મા – બાપનો ટેકો તેમ છતાં સોબતના રંગે રંગાઇ ગયેલો. કાર્યકરે ધીમે ધીમે કરતાં તેની સાથે વિશેષ સંબંધ – સંપર્ક દ્વારા ખોટી ટેવમાંથી છોડાવ્યો અને ભણતરનું મહત્વ સમજાવી ફરી તેની ગાડીને પાટા પર લઇ આવ્યા ! બાલસેના પ્રવૃતિઓ બાળકોની કાળજી અને સંભાળ માટે તો છે !

**સુખદ્**

મહિલા સંમેલનમાં ભાગ લેવા માટે કરચલિયાપરામાંથી કાજલબહેન આવ્યા હતાં. તેમની દિકરી બાલસેના પ્રવૃતિઓમાં જોડાયેલી છે. કાજલબહેન પણ પ્રવૃતિઓમાં રસ લે !

કાજલબહેન જયારે નાના હતા ત્યારે બાલસેનામાં વિસ્તારની સ્કૂલમાંથી જોડાયાં હતાં ! પીળી બસમાં ફરવા જાય, નવી નવી પ્રવૃતિઓ શીખે, મોટા મોટા કાર્યક્રમોમાં ભાગ લઇ એકબીજાને મળે ! કેટલું બધું શીખતા ! કાજલબહેન પોતાની વાતમાં ઉમેરતા કહે કે "આજે ભણતરનો ભાર વધી ગયો છે, દિકરીની ઇચ્છા હોય તેમ છતાં નિયીમત આવી શકતી નથી. અમારા વખતે આવું ન હતું ! પણ મારી દિકરીને બાલસેનામાં જોડાયેલી તો રાખીશ કારણ મને ખબર છે અમે કેટલું બધુ શીખ્યા હતાં ! બાલસેનામાં બીજી પેઢી આવી ગઇ !

**બાળક દ્વારા પરિવર્તન**

પાંચેક વર્ષથી એ બાળક બાલસેનામાં જોડાયેલો, સક્રિય અને બધી જ પ્રવૃતિમાં ભાગ લેવાનો, ઓછું બોલે પણ સુંદર બોલે ! એના પપ્પા છૂટક મજૂરી કરે. દારૂનું વ્યસન, દારૂ પીને આવે અને ઘરવાળીને મારે. બાળક પિતાજીને સમજાવે – આવું ન કરાય પણ સ્થિતિ વણસતી જાય. એક દિવસ પિતાજીને કહી દિધું કે : "જો તમે દારૂ પીવાનું બંધ નહી કરો તો મારું ભણવાનું બંધ! " પિતાજીને ખ્યાલ આવી ગયો. એમણે વ્યસન છોડયું...... દિકરો આગળ વધે એની ઇચ્છા કયા મા–બાપને ન હોય !

એ બાળકે ઘર કંકાસ મિટાવી શાંતિનો વિસ્તાર કર્યો, ભણવા માટે પ્રાઇવેટ નો વિકલ્પ હતો પણ બહેનો જયાં ભણે તેમાં જ ભણવાનું એવો સંકલ્પ !

# આંકડાકીય માહિતી
## સંસ્થાના કાર્યકરો દ્વારા બાળકો સાથે થયેલ

| ક્રમ | વિગત | કાર્યક્રમની સંખ્યા | છોકરા | છોકરી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | રર વિસ્તારમાં બાળકો સાથે નિયમિત પ્રવૃતિઓ | ૬૧૬ | ૯૫૩૦ | ૯૦૮૨ | ૧૮૬૧૨ |
| | સરેરાશ હાજરી / કાર્યક્રમ દીઠ | | ૧૫ | ૧૫ | ૩૦ |
| ૨ | શાળાના બાળકો સાથે નિયમિત પ્રવૃતિઓ | ૩૩૬ | ૭૪૫૫ | ૭૮૦૬ | ૧૫૨૬૧ |
| | સરેરાશ હાજરી / કાર્યકર દીઠ | | ૨૨ | ૨૩ | ૪૫ |
| ૩ | ઝોન વાઈઝ બાળજૂથોની પ્રવૃતિઓ | | | | |
| | એક દિવસની તાલીમ | ૮ | ૧૭૨ | ૨૦૧ | ૩૭૩ |
| | બાળમેળા | ૮ | ૨૪૧ | ૩૦૧ | ૫૪૨ |
| | વિશેષ દિવસની ઉજવણી | ૮ | ૧૯૫૪ | ૧૮૭૬ | ૨૭૨૫ |
| | રમતોત્સવ | ૮ | ૨૫૧ | ૨૬૦ | ૫૧૧ |
| | એકસપોઝર વીઝીટ | ૮૨ | ૬૨૩ | ૬૩૧ | ૧૨૫૪ |
| | ફિલ્મ શો | ૮ | ૯૧ | ૧૧૭ | ૨૦૮ |
| ૪ | વિસ્તારોમાં ઉનાળુ વેકેશન પ્રવૃતિઓ | ૧૧૦ | ૯૮૪ | ૮૯૫ | ૧૮૭૯ |
| | વેકેશન પૂર્ણાહુતિ કાર્યક્રમ | ૧ | ૯૩ | ૧૩૫ | ૨૨૮ |
| ૫ | નિવાસી તાલીમ શિબિર | ૩ | ૧૧૧ | ૯૫ | ૨૦૬ |
| ૬ | બાળઅધિકાર સપ્તાહ ઉજવણી બ | ૧ | ૬૬૭ | ૬૯૪ | ૧૩૬૧ |
| | પુખ્તો | | ૬૬૭ | ૮૯૪ | ૧૫૬૧ |
| ૭ | કિશોરી – તાલીમકારોની તાલીમ | ૯ | – | ૨૧૦ | ૨૧૦ |
| | કિશોરી મંડળ | ૧૭૧ | – | ૧૭૭૬ | ૧૭૭૬ |
| ૮ | કિશોર મંડળ | ૧૩૨ | ૧૫૦૧ | | ૧૫૦૧ |
| ૯ | કિશોરી સંમેલન | ૧ | | ૨૦૩ | ૨૦૩ |
| ૧૦ | વેનલીડો પરિચય તાલીમ (સ્વરક્ષણ) | ૧૭ | | ૪૬૯ | ૪૬૯ |
| ૧૧ | બાલસેના વાર્ષિકોત્સવ | ૧ | ૧૭૬ | ૨૧૫ | ૩૯૧ |
| ૧૨ | મહિલા સંમેલન | ૧ | – | ૬૩ | ૬૩ |
| ૧૩ | બાળ સુરક્ષા સમિતિ મીટિંગ | ૩૫ | ૨૬ | ૧૯૪ | ૨૨૦ |
| | કુલ ૯ સભ્યોમાંથી સરેરાશ હાજરી | | | | ૬ |
| ૧૪ | ફળિયા મીટીંગ – વાલી સાથે | ૪૦૮ | ૪૩૧ | ૨૨૦૪ | ૨૬૩૫ |

## બાળકો દ્વારા બાળકોની પ્રવૃતિ

| ક્રમ | વિગત | કાર્યક્રમની સંખ્યા | છોકરા | છોકરી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧. | બાલસેના ચૂંટણી (અધ્યક્ષ/ઉપાધ્યક્ષ) કાઉન્સીલ સભ્યો દ્વારા | ૧ | ૪૧ | ૩૩ | ૭૪ |
| ૨. | બાલસેના કાઉન્સીલ મીટીંગ | ૧૨ | ૩૦૧ | ૩૬૪ | ૬૬૫ |
| | કુલ ૮૮ સભ્યો પૈકી સરેરાશ હાજરી | | | | ૫૫ |
| ૩. | વિસ્તારમાં બાળકો દ્વારા મીટીંગ | ૨૪૬ | ૧૫૧૨ | ૧૪૮૯ | ૩૦૦૧ |
| | સરેરાશ હાજરી | | | | ૧૨ |
| ૪. | વિસ્તારમાં બાળકો દ્વારા કાર્યક્રમો | ૧૪૮ | ૧૬૬૯ | ૧૫૭૮ | ૩૨૪૭ |
| | સરેરાશ હાજરી | | | | ૨૨ |
| ૫. | હેલ્ધી હોમ સર્વે (સર્વે કરનાર બાળકો) | ૧ | ૮૧ | ૬૬ | ૧૪૭ |
| ૬. | જંકફૂડ (સર્વે કરનાર બાળકો) | ૧ | – | – | ૧૨૪ |
| ૭. | રાજય / રાષ્ટ્રીય સ્તરે પ્રતિનિધિત્વ | | | | |
| | રાષ્ટ્રીય બાળ સુરક્ષા નિતી સૂચનો | ૧ | ૩ | ૭ | ૧૦ |
| | બાલસંગઠનોના બાળ પ્રતિનિધિનું રાષ્ટ્રીય અધિવેશન | ૧ | ૨ | ૨ | ૦૪ |
| | નેશનલ એકશન કો–ઓર્ડીનેશન ગ્રુપ ટુ એન્ડ વાયોસન્સ અગેઈન્સ્ટ ચીલ્ડ્રન યોજીત વર્કશોપ | ૧ | ૫ | ૨ | ૦૭ |
| | ટીવી ચેનલ પર ઈન્ટરવ્યું | ૧ | ૧ | ૧ | ૦૨ |

# બાળ અધિકાર તાલીમ અને સંસાધન કેન્દ્ર

બાળ અધિકાર તાલીમ અને સંસાધન કેન્દ્ર દ્વારા સંસ્થાના પોતાના કાર્યકરોની સજ્જતા અને ક્ષમતાવર્ધન માટે અનેકવિધ પ્રકારની તાલીમો, પ્રવૃતિઓ અને સાધન સામગ્રીનો વિકાસ, ડોક્યુમેન્ટેશન કે રીર્સચની કામગીરી થાય છે અને સાથોસાથ અનુભવોનું આદાન પ્રદાન થાય, શીખ્યા છીએ તે વહેંચાય તેવા હેતુથી અન્ય સંસ્થાઓના કાર્યકરો માટે તાલીમ આપવાનું કાર્ય નિયમિત રીતે થતું રહે છે.

**શૈશવના કાર્યકરો અને બાળકો સાથેના તાલીમ કાર્યક્રમો**

- શૈશવના કાર્યકરો સાથે બાળ અધિકારો, જીવન કૌશલ્યો, વિવિધ રમતો, તરૂણાવસ્થાના શારીરિક, માનસિક અને ભાવનાત્મક ફેરફારો અને સુરક્ષા, લીડરશીપ, કમ્યુનિકેશન, શાળાકીય વિષયોને લગતા મુદ્દાઓ અને પ્રવૃતિઓ જંકફૂડના નુકશાન અંગે, જંકફૂડ તથા હેલ્ધી હોમ સર્વે કરવા અંગેની તાલીમ જેવી વિવિધ તાલીમો યોજવામાં આવી હતી જેમાં કાર્યકરો ઉપરાંત બાલસેનાના સક્રિય બાળકો પણ જોડાયાં હતાં.
- આ ઉપરાંત ઓએસીસ સંસ્થા, સહજ સંસ્થા, સહિયર સંસ્થા વગેરે દ્વારા આયોજિત તાલીમોમાં શૈશવમાંથી આશિષભાઇ, ઇશાબહેન, શિવાનીબહેન તથા લીજીમોલબહેને ભાગ લીધો હતો.
- ઇન્ડિયા મલ્ટીવર્સીટી એલાયન્સ, વૈકલ્પિક શિક્ષણ – કેળવણી પર કાર્ય કરતું સ્વૈચ્છિક નેટવર્ક છે, તેના ઉપક્રમે હૈદ્રાબાદમાં ૧૬ થી ૨૦ ઓગષ્ટ'૨૩ દરમ્યાન આયોજિત ગોષ્ઠિમાં શૈશવમાંથી પારૂલબહેન તથા ઇશાબહેને ભાગ લીધો હતો.
- રાષ્ટ્રીય બાળ અધિકાર આયોગ દ્વારા બાળ સુરક્ષા રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન ૧૮ ઓગષ્ટે વારાણસીમાં કરવામાં આવ્યુ હતું જેમાં શૈશવમાંથી ફાલ્ગુનભાઇએ ભાગ લીધો હતો.
- વડોદરા ખાતે ૧૬–૧૭ જુલાઇના રોજ પ્રખર બાળ શિક્ષણવિદ અને વૈકલ્પિક શિક્ષણના હિમાયતી શ્રી કે. બી. જિનાનના વર્કશોપમાં શૈશવમાંથી ઇશાબહેન તથા લીજીમોલબહેને ભાગ લીધો હતો.
- ૧૫ થી ૨૨ એપ્રિલ' ૨૦૨૩ દરમ્યાન પારૂલબહેન અને ૨૮ ઓકટોમ્બર થી ૪ નવેમ્બર દરમ્યાન જીવનવિદ્યા અંગેનો શિબિર ધારાવડ – કર્ણાટકમાં વિનિશજીના સાનિધ્યમાં યોજયો હતો તેમાં ઇશાબહેને ભાગ લીધો હતો.
- ૧૬–૧૭–૧૮ નવેમ્બરના રોજ દિલ્હી ખાતે હમ્ફ્રી ફેલોની રાષ્ટ્રીય શિબિર યોજાઇ હતી જેમાં પારૂલબહેને હમ્ફ્રી ફેલો તરીકે હાજરી આપી હતી.
- 30 નવેમ્બર અને ૧ ડિસેમ્બરના રોજ દિલ્હી ખાતે જીવન કૌશલ્યો અંગે લાઇફ સ્કીલનેટ દ્વારા આંતરરાષ્ટ્રીય વર્કશોપ યોજાઇ હતી જેમાં પારૂલબહેન ઉપસ્થિત રહ્યા હતા.
- ૨૨ થી ૨૪ ફેબ્રુઆરીના રોજ એસ્પાયર ફેલોની રાષ્ટ્રીય સંગોષ્ઠિ દહેરાદૂન ખાતે યોજાઇ હતી જેમાં પારૂલબહેન ઉપસ્થિત રહ્યા હતા.
- હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશન અને અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન દ્વારા ૨૪ ફેબ્રુઆરીના રોજ સીએસઆર કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું તેમાં શૈશવમાંથી ફાલ્ગુનભાઇએ સંસ્થાઓની પેનલમાં વકતવ્ય આપ્યું હતું. આ કોન્ફરન્સમાં શૈશવમાંથી આશિષભાઇ, ઇશાબહેન લીજીમોલ ઉપસ્થિત રહ્યા હતાં.
- ૨૬ થી ૨૮ ફેબ્રુઆરીના રોજ દસરા સંસ્થા દ્વારા મુંબઇમાં આયોજિત કોન્ફરન્સમાં શૈશવમાંથી પારૂલબહેન તથા ઇશાબહેને ભાગ લીધો હતો.
- સલામતી અને સ્વરક્ષણ અંગેના વેનલીડો નેટવર્ક દ્વારા કાંચીપુરમમાં ૧૦–૧૧ માર્ચ ના રોજ વાર્ષિક મિલન કાર્યક્રમ યોજવામાં આવેલ તેમાં શૈશવમાંથી ઇશાબહેને ભાગ લીધો હતો.

- આ ઉપરાંત અન્ય મીટીંગ, વર્કશોપ વગેરેમાં સંસ્થાના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.
- ૧૫ ડીસેમ્બરના રોજ એસ વી પી – અમદાવાદ ચેપ્ટર દ્વારા નોબેલ પારિતોષિકથી સન્માનિત કૈલાશ સત્યાર્થી સાથે ગેટ ટુ ગેધર કાર્યક્રમ યોજાયો હતો, જેમાં શૈશવમાંથી પારૂલબહેન ઉપસ્થિત રહ્યા હતાં.
- ગુજરાતની કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓના બનેલા જનરલ સપોર્ટ ફોરમની મીટીંગ ૨૩ – ૨૪ ડીસેમ્બરના રોજ ગ્રામ સેવા ટ્રસ્ટ – ખારેલના યજમાનપદે યોજાયું હતું, તેમાં શૈશવમાંથી ફાલ્ગુનભાઇ – પારૂલબહેન ઉપસ્થિત રહ્યા હતાં.
- ૮ – ૯ ફેબ્રુઆરીના રોજ દસરા દ્વારા આયોજીત યુથ કોન્ફરન્સ 'યુથ બોલે મેરી બારી હૈ' ઓનલાઇન કાર્યક્રમમાં શૈશવમાંથી લીઝીમોલ અને ઇશાબહેને ભાગ લીધો હતો.

## દસરા સાથેનો સહયોગ

દસરા સંસ્થાના રીબીલ્ડ ઇન્ડિયાના ભાગરૂપે દર મહિને સંસ્થાના કાર્યકરો માટે મેન્ટલ હેલ્થના સંદર્ભમાં હિલીંગ સર્કલ યોજાતા હતા. જેમાં શૈશવમાંથી પારૂલબહેન અને ઇશાબહેન નિયમિત જોડાતા હતા. આ દરમ્યાન સંસ્થાઓના સીનીયર સ્તરના કાર્યકરો માટે વિશેષ અભ્યાસક્રમ ડીઝાઇન કરવામાં આવી રહ્યો હતો જેમાં પણ પારૂલબહેને વિશેષ સહયોગ આપ્યો હતો.

દસરાના ઉપક્રમે વિવિધ વેબિનાર – વર્કશોપ વર્ષ દરમ્યાન અનેકવિધ વિષયો જેવા કે ફંડ રેઇઝીંગ, કમ્યુનિકેશન, મોનીટરીંગ એન્ડ ઇવેલ્યુએશન, હાઉ ટુ રાઇટ ઓન સ્ટોરી વગેરેમાં પણ પારૂલબહેન સક્રિય રીતે જોડાતાં હતાં.

આ ઉપરાંત એલાયન્સ મેગેઝીન દ્વારા આયોજિત નેકસ્ટ ડીકેડ ઓફ સીસ્ટમ ચેન્જ ફિલનથ્રોપી, વોર્ડ એન્ગેજમેન્ટ ફોર નોન પ્રોફિટ વ્હાય, વોટ એન્ડ હાઉ, સત્વ આયોજીત કમ્યુનિકેશન ફોર ફંડ રેઇઝીંગ વર્કશોપ, ગાઇડસ્ટાર, આયોજીત પાર્ટનરશીપ વર્કશોપ સીટીઝ જેવા સમૂહો સાથે પણ જોડાઇને જ્ઞાનવર્ધન કરતા રહ્યા છીએ.

- ૧૫ ડિસેમ્બરના રોજ એસ વી પી – અમદાવાદ ચેપ્ટર દ્વારા નોબેલ પારિતોષિકથી સન્માનિત કૈલાશ સત્યાર્થ સાથે ગેટ ટુ ગેધર કાર્યક્રમ યોજયો હતો, જેમાં શૈશવમાંથી પારૂલબહેન ઉપસ્થિત રહ્યા હતાં.
- ગુજરાતની કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓના બનેલા જનરલ સપોર્ટ ફોરમની મીટીંગ ૨૩ – ૨૪ ડીસેમ્બરના રોજ ગ્રામ સેવા ટ્રસ્ટ – ખારેલના યજમાનપદે યોજાયું હતું, તેમાં શૈશવમાંથી ફાલગુનભાઇ – પારૂલબહેન ઉપસ્થિત રહ્યા હતાં.
- ૮–૯ ફેબ્રુઅરીના રોજ દસરા દ્વારા આયોજિત યુથ કોન્કલેવ – 'યુથ બોલે – મેરી બારી હૈ' ઓનલાઇન કાર્યક્રમમાં શૈશવમાંથી લીઝીબહેન અને ઇશાબહેને ભાગ લીધો હતો.

## શૈશવ અને આત્મા સંસ્થાની ભાગીદારી

- મુંબઇ સ્થિત આત્મા સંસ્થાના સહયોગ સાથે શૈશવ સંસ્થાના વિકાસ અને સીસ્ટમ – વ્યવસ્થા તંત્ર અને કાર્યોને વિશેષ અસરકારક તથા સુગ્રથિત કરવા માટે અનેકવિધ વિષય – મુદ્દાઓ પર ગત વર્ષથી શરૂ કરેલ પાર્ટનરશીપ આ વર્ષે પણ સાતત્યપૂર્ણ રીતે આગળ વધી હતી અને વીઝન મીશન, સ્ટ્રેટેજિક પ્લાનીંગ થી લઇને બજેટીંગ, નાણાકીય નીતિઓ, ડેટા મેનેજમેન્ટ વગેરે જેવા મુદ્દાઓ પર સંસ્થાની કોર ટીમ સાથે ઓનલાઇન વર્કશોપ ચાલી રહ્યા છે જે ખૂબ જ ફળદાયી નિવડી રહ્યા છે.
- આ ઉપરાંત ૨૮ – ૨૯ નવેમ્બરે ભાવનગરમાં શૈશવની કોર ટીમ સાથે સ્ટ્રેટેજિક પ્લાનીંગ માટે વર્કશોપ પણ યોજવામાં આવ્યો હતો. આમ શૈશવમાં સેકન્ડ લાઇન લીડરશીપ અને વ્યવસ્થાતંત્રોને મજબૂત કરવા, સુગ્રથિત કરવાનું કાર્ય સારી રીતે ચાલી રહ્યું છે.

## શૈશવ દ્વારા અન્ય સંસ્થાના કાર્યકરો સાથે તાલીમ

- શૈશવ દ્વારા ગુજરાત તથા ગુજરાત બહારની સંસ્થાઓ સાથે તાલીમ કાર્યક્રમો યોજતા રહ્યા છે. આ વર્ષે કુલ ૪૯ સંસ્થાના ૪૯૯ કાર્યકર તથા ૪૭૦ બાળકોને શૈશવ દ્વારા બાળ અધિકારો, બાળકોનો સહભાગિતાનો અધિકાર, સંગઠન, ચૂંટણી પ્રક્રિયા, જીવન કૌશલ્યો, સર્જનાત્મકતા, તરૂણાવસ્થામાં થતા શારીરિક, માનસિક અને ભાવનાત્મક ફેરફારો તથા સુરક્ષા, ચાઇલ્ડ પ્રોટેકશન પોલીસી, કિશોરીઓના સ્વરક્ષણ માટે વેનલીડો જેવા વિવિધ મુદ્દાઓ પર યોજવામાં આવી હતી જેમાં શૈશવના સીનીયર કાર્યકરોએ ફેસીલીટેટર તરીકે સેવાઓ આપી હતી.

- સર્વોદય પરિવાર સંસ્થા ખડકી અને પીંડવડની આશ્રમશાળાના બાળકો સાથે વેકેશન દરમ્યાન કુલ ૩ શિબિરો યોજવામાં આવી હતી, જેમાં જીવન કૌશલ્યો, ક્રાફ્ટ, વૈજ્ઞાનિક પ્રવૃતિઓ, ફિલ્મ શો, વગેરે યોજવામાં આવ્યા હતાં.

- ઓકટોબર'૨૩માં નડીયાદમાં આવેલ એન ડી દેસાઇ મેડીકલ કોલેજના કમ્યુનીટી મેડીસીનના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી મળીને ૨૪ લોકોને મૈત્રીની રમતોની તાલીમ આપવામાં આવી હતી.

- ૧૧ ઓગષ્ટ'૨૩ના રોજ ઝઘડિયા જી આઇ ડી સીમાં આવેલ બિરલા સેન્ચુરી લિ.ના સ્ટાફના ૪૦ ઉપરાંત ભાઇ – બહેનોને કાર્યના સ્થળે બહેનોની સુરક્ષાના કાયદો અને સમિતિ અંગેની તાલીમ આપવામાં આવી હતી.

- ઓકટોમ્બર'૨૩માં અંબુજા ફાઉન્ડેશન, કોડીનારના મહિલા જાગૃતિ કાર્યક્રમની ૪૨ બહેનોને વેનલીડો સ્વરક્ષણ અંગેની તાલીમ આપવામાં આવી હતી.

- દિશા સંસ્થાના સાબરકાંઠા તથા દાહોદ જિલ્લાની કિશોરીઓ સાથેકિશોરીવસ્થાના ફેરફારો, સુરક્ષા, સ્વરક્ષણ, જેન્ડર, કરિયર ગાઇડન્સ અંગેની ૪ તાલીમ શિબિરો મે, જુલાઇ, સપ્ટેમ્બર અને માર્ચ મહિનામાં યોજવામાં આવી હતી તેમાં ૧૨૯ કિશોરીઓને તાલીમ આપવામાં આવી હતી.

## ટીમ્બકટુ – સંસ્થાના બાળકોના કાર્યક્રમનો મૂલ્યાંકન અભ્યાસ

- આંધ્રપ્રદેશ રાજયમાં વર્ષોથી 'ટીમ્બકટુ' સંસ્થા ખૂબ જ ઉતમ કાર્ય કરી રહી છે. સંસ્થા દ્વારા બાળકો સાથે શાળા – હોસ્ટેલ તથા કમ્યુનીટીબેઝ બાળ અધિકારો પર કાર્ય કરવામાં આવી રહ્યું છે. આ બાળકોના કાર્યના મૂલ્યાંકન અભ્યાસ માટે તેઓના તરફથી શૈશવને આમંત્રિત કરવામાં આવતા ૩ થી ૯ ડીસેમ્બર'૨૦૨૩ દરમ્યાન શૈશવમાંથી પારૂલબહેન, ફાલ્ગુનભાઇ, ઇશા અને લીઝીમોલ મળીને ચાર વ્યકિતની ટીમે મુલાકાત કરી કાર્યક્રમ સાથે જોડાયેલ સંસ્થાના સંસ્થાપકો, સીનીયર – જુનીયર કાર્યકરો, શિક્ષકો ઉપરાંત બાળકો, બાળકોના વાલીઓ તથા ગામના વિવિધ લોકો સાથે જૂથ ચર્ચા, પ્રવૃતિ નિદર્શન, ડોકયુમેન્ટેશન, મીટીંગ વગેરે દ્વારા સમગ્ર કાર્યને સમજવાનો તથા મૂલ્યાંકન કરવાનું કાર્ય કરી સંસ્થા સાથે ઘનિષ્ઠ ચર્ચાઓ કરી મૂલ્યાંકન અહેવાલ આપ્યો હતો અને ટીમ્બકટુ સંસ્થાએ અહેવાલનો સ્વીકાર કરવાની સાથે મૂલ્યાંકનની પ્રક્રિયા અને સૌની સામેલગીરીના સંદર્ભમાં સંતોષ સાથે આનંદ વ્યકત કર્યો હતો. અગાઉ પણ કેટલીક સંસ્થાઓના મૂલ્યાંકન અહેવાલ શૈશવે તૈયાર કર્યો હતા, આ અનુસંધાનમાં આ અનુભવ પણ વિશિષ્ટ બની રહ્યો હતો.

## લાંબાગાળાની ભાગીદારીની તક

- આતાપી સેવા ફાઉન્ડેશન દ્વારા ભરૂચ જિલ્લાના ગજેરા અને આસપાસના ગામોમાં બાળકો સાથે ચાલતી પ્રવૃતિ કાર્યક્રમમાં શૈશવ સંસ્થા દ્વારા નિયીમત સહયોગ આપવામાં આવી રહ્યો છે. આ વર્ષે ફિલ્ડ વીઝીટ કરી નીડ એસેસમેન્ટ અહેવાલ તૈયાર કરી તેઓને આપવામાં આવ્યો હતો.

- બાળકો સાથેના કાર્યક્રમમાં કાર્ય કરતા કાર્યકરોને અવારનવાર તાલીમો ઉપરાંત બાળકો સાથેની તાલીમો પણ શૈશવના કાર્યકરો દ્વારા આપવામાં આવે છે. બાળકોના સંગઠનની વિશિષ્ટ ચૂંટણીને લઇને ૨૭ – ૨૮ જાન્યુઆરીના રોજ બાળ

પ્રતિનિધિઓને લોકશાહી શાસન પધ્ધતિ તથા અન્ય પધ્ધતિઓ વિષે તથા સંગઠનમાં માપદંડ આધરિત ચૂંટણી પ્રક્રિયા કેવી રીતે કરવી તે અંગેની તાલીમ આપવામાં આવી હતી.

- આ ઉપરાંત આતાપી સેવા ફાઉન્ડેશન સાથે ઓર્ગેનાઇઝેશન ડેવલપમેન્ટ અંગેની પ્રક્રિયા પણ શૈશવમાંથી પારૂલબહેન – ફાલ્ગુનભાઇ ફેસીલીટિટ કરી રહ્યા છે. આ માટે આવનાર વર્ષમાં વીઝન, મીશન, કાર્યક્રમો, રણનીતિ, સ્વોટ થી માંડીને હાલમાં કયાં છીએ અને કયાં પહોંચવું છે તેને લગતા મુદ્દાઓની તાલીમ કમ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આમ, આતાપી સેવા ફાઉન્ડેશન સાથે લાંબાગાળાની વિકાસયાત્રામાં સહભાગી બનવાની તક મળી છે તે શૈશવ માટે આનંદ અને ગૌરવની વાત છે.

- દિશા સંસ્થાના બાળકો અને તરૂણો સાથેના કાર્યક્રમોમાં પણ શૈશવ જોડાયેલું રહ્યું છે. દિશા સંસ્થાના જાડીસેમલ તથા લીમખેડા ક્ષેત્રની કિશોરીઓ સાથે સ્વજાગૃતિલ જેન્ડર એટલે, ગોલ સેંટિંગ, કરિયર ગાઇડન્સ અને સ્વરક્ષણ અંગેની તાલીમ કુલ ૧૨૯ કિશોરીઓને ૪ તબકકામાં આપવામાં આવી હતી.

## નેટવર્ક

- સાર્ક દેશોના સાઉથ એશિયા ઇનીશીએટીવ અગેન્ઇસ્ટ વાયોલન્સ અગેન્ઇસ્ટ ચીલ્ડ્રનના રાષ્ટ્રીય ચેપ્ટર નેશનલ એકશન કો – ઓર્ડીનેશન ગ્રુપની એકઝીકયુટીવ કટિના સભ્ય તરીકે પારૂલબહેન ની વરણી થઇ અને રાઇટ ટુ પાર્ટીસીપેશન અંગેના થીમેટીક ગ્રુપના લીડ તરીકે રાષ્ટ્રીય સ્તરે તેઓ હાલમાં કાર્યરત છે.

- કેટલીસ્ટ – ૨૦૩૦ નેટવર્કના નેશનલ એલાયન્સની જનરલ એસેમ્બલી દર મહિને યોજાતી હોય છે તેમાં પારૂલબહેન સક્રિય યોગદાન આપી રહ્યા છે, અને તેના જ ઉપક્રમે ઇન્ડિયા એજયુકેશન કોલોબોરેટીવ જૂથમાં સંસ્થાઓ સાથે મળીને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ નં. ૧૬ ના સંદર્ભમાં શું કરી શકાય તેન એકશન પ્લાનની ચર્ચાઓમાં પણ  પ્રદર્શન કરી રહ્યા છીએ.

- આ વર્ષે લાઇફ સ્કીલ નેટ – લાઇફ સ્કીલ કોલોબોરેટીવ નેટવર્ક સાથે આપણે જોડાયા છીએ અને જીવન કૌશલ્યો અંગે વિશેષ સઘન કાર્ય કરવાનું આયોજન કર્યુ છે.

- એકસ્ટેપ, બેંગ્લોર સાથે જોડાઇને ડીજીટલ પ્લેટફોર્મ દ્વારા બાળકોના સર્વાંગી વિકાસના કાર્યો અને તેનું વિસ્તરણ થાય તે માટે સક્રિય સહભાગિતા દ્વારા કાર્ય કરી રહ્યા છીએ.

- શૈશવ બાળકો અને બાળ અધિકારો માટે કાર્યરત સંસ્થાઓ સાથે અનુભવોના આદાન પ્રદાન માટે તથા સહીયારા કાર્યક્રમો માટે એકબીજા સાથે જોડાયેલું રહે છે. આ વર્ષ દરમ્યાન બાળ અધિકાર સમૂહ – ગુજરાત, બાળ મજૂરી વિરોધી ઝુંબેશ તથા નેશનલ એકશન કો – ઓર્ડીનેશન ગ્રુપ ટુ એન્ડ વાયોલન્સ અગેઇન્સ્ટ ચીલ્ડ્રન, યંગ વોઇસીસ, રાઇટ ટુ એજયુકેશન ફોરમ જેવા નેટવર્ક સાથે સહભાગી થઇ બાળકોના ખાસ કરીને તકવંચિત બાળકોની સમસ્યાઓ અને ઉકેલો પર કાર્ય કર્યુ હતું.

- આ ઉપરાંત ભાવનગર જિલ્લાની ચાઇલ્ડ લેબર ટાસ્ક ફોર્સ, સ્પોન્શરશીપ અને કેર સમિતિ, ચીલ્ડ્રન હોમ ઇન્સપેકશન કમિટિ વગેરે સમિતિઓમાં સક્રિય યોગદાન શૈશવના પ્રતિનિધિઓ આપી રહ્યા છે.

## મુલાકાતીઓ

શૈશવ સંસ્થાની મુલાકાતે અવારનવાર અન્ય સંસ્થાના કાર્યકરો, પ્લેસમેન્ટ માટે વિદ્યાર્થીઓ, શુભેચ્છકો અને દાતાઓ મુલાકાતે આવતા હોય છે.

આ વર્ષે મુલાકાતે આવનાર મહાનુભાવોમાં મુખ્યત્વે વિશાખા સંસ્થા – રાજસ્થાનના કાર્યકરો, ઇન્ડીયા ડેવલપમેન્ટ સર્વીસ યુએસએના શ્રી પ્રશાંતભાઇ, અવેર ફાઉન્ડેશન – યુ.કે જયેશભાઇ તથા અન્ય ટ્રસ્ટીઓ, સોશ્યલ વેન્ચેર પ્રોજેકટ – અમદાવાદ – સુરતના શ્રી અંગનાબેન –  સુધીરભાઇ, દસરા સંસ્થા – મુંબઇ,વેસ્ટબ્રીજ ફાયનાન્સ – બેંગ્લોરના અસ્વીતીબહેન, અઝીમ પ્રેમજી ફીલોનથ્રોપીક ફાઉન્ડેશન – બેંગ્લોરના શ્રી જૈદભાઇ વગેરેએ સંસ્થાની મુલાકાત લીધી હતી.

**પ્લેસમેન્ટ**

વર્ષ દરમ્યાન ગુજરાત વિદ્યાપીઠ, ડો. આંબેડકર ઓપન યુનિવર્સીટી, નંદકુવરબા મહિલા કોલેજમાંથી ૪ બહેનો એમ.એસ.ડબલ્યુ ડીગ્રી અભ્યાસના ભાગરૂપે આવ્યા હતા, જયારે પંડિત દિનદયાળ એનર્જી યુનિ. માંથી ૧ બહેન પ્લેસમેન્ટ માટે ૧૫ દિવસથી ૧ મહિના માટે જોડાયા હતા.

**સાધન સામગ્રી નિર્માણ**

ગત વર્ષ દરમ્યાન બાળકો સાથેની અનેક પ્રવૃતિઓ તથા કાર્યકર તાલીમ વગેરે માટે વિવિધ સાધન સામગ્રીનું નિર્માણ, રૂપાંતરણ વગેરે કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્યત્વે નીચેના મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા હતા.

જંકફૂડ બોર્ડ ગેમ, હેલ્ધી હોમ તથા જંકફૂડ વપરાશ માટેનો સર્વે, સ્વ કાર્ડઝ, જલ દિવસ, બાલ વાટિકાના બાળકો માટે બાળ પ્રવૃતિ પોથી ભાગ – ૧ અને ભાગ – ૨, સર્જનાત્મકતાના મેન્યુઅલ્સ, જીવન કૌશલ્યોના મેન્યુઅલ્સ, પોસીબીલીટીઝ– વિચાર કરવાની ચેલેન્જના મેન્યુઅલ્સ, વિવિધ બોર્ડ ગેમ, કિશોરાવસ્થાની તાલીમ માટેના પોસ્ટર્સ – પ્રવૃતિઓ, માનવશીર પ્રદર્શન, દ્રષ્ટિભ્રમ પોસ્ટર્સ, ઉપરાંત વિવિધ રમતો વગેરે મુખ્ય હતાં. આ ઉપરાંત વાર્ષિક અહેવાલ વર્ષ ૨૦૨૨ – ૨૩, બાલસેનાના ૨૦ વર્ષની અનુભવ કથાનું ડોક્યુમેન્ટેશન તથા બાલસેનાની બાળકોના જીવન પર થયેલ અસરો અંગેના અભ્યાસનું ડોક્યુમેન્ટેશન વગેરે મુખ્ય હતાં.

## શૈશવના કાર્યકરોની તાલીમ

| મુદ્દા | તાલીમની સંખ્યા | કુલ કાર્યકરો સરેરાશ હાજર |
|---|---|---|
| બાળ અધિકાર, જીવન કૌશલ્યો, વિવિધ રમતો, તરૂણાવસ્થાના ફેરફારો અને સુરક્ષા, લીડરશીપ સંગઠન, ચૂંટણી પ્રક્રિયા, જંકફૂડ, હેલ્ધી હોમ સર્વે, સ્ટ્રેટેજિક પ્લાનીંગ, જેન્ડર, ડેટા મેનેજમેન્ટ, વૈકલ્પિક શિક્ષણ, જીવનવિદ્યા, સ્વરક્ષણ – વેનલીડો, સેકન્ડ લાઇન લીડરશીપ, ડ્રોઇંગ – ક્રાફ્ટ, કમ્યુનિકેશન, નિરિક્ષણ કરવું, સંજ્ઞાઓની ભાષા, ઓનલાઇન સેફ્ટી, પર્યાવરણ, વગેરે નવા કાર્યકરોનું ઓરીએન્ટેશન | ૨૪ | ૨૪ |

## શૈશવ દ્વારા અન્ય સંસ્થાના કાર્યકરો

| મુદ્દા | સંસ્થાઓ | બાળકો | કાર્યકરો | કુલ |
|---|---|---|---|---|
| બાળઅધિકાર, સહભાગિતાનો અધિકાર, ચૂંટણી પ્રક્રિયા, સંગઠન, લીડરશીપ, જીવન કૌશલ્યો, સર્જનાત્મકતા, તરૂણાવસ્થા ફેરફારો અને સુરક્ષા, સ્વરક્ષણ વેનલીડો, ચાઈલ્ડ પ્રોટેક્શન પોલીસી, કાર્યસ્થળે મહિલા સુરક્ષાનો કાયદો, માર્ગદર્શીકા, મૈત્રીની રમતો, ઓનલાઇન સેફ્ટી | ૪૯ | ૪૭૦ | ૪૯૯ | ૯૬૯ |

# ચાઈલ્ડ હેલ્પ લાઈન – ૧૦૯૮

ગત વાર્ષિક અહેવાલમાં જણાવ્યું હતું કે ચાઇલ્ડ હેલ્પ લાઇનનો કાર્યક્રમ હવે સમગ્ર દેશમાં સંસ્થાઓને બદલે સરકારના વિભાગ દ્વારા ચલાવવામાં આવશે તેમ ૭ જુલાઇ ૨૦૨૪ થી આ કાર્યક્રમમાંથી શૈશવ સંસ્થા મુકત થઇ !

બાળકોની કાળજી અને સુરક્ષાનું અત્યંત મહત્વપૂર્ણ કાર્ય, દરેક બાળકના એક એક પ્રશ્નો, મુંઝવણ કે સતામણી – હેરાનગતિ કે સંઘર્ષમાં આપણને તેની કાળજી અને સુરક્ષા માટેનું અદભૂત કાર્ય કરવાની તક મળી એનું ગૌરવ અને સંતોષ છે. દરેક બાળકની વાત – જીવતી વાર્તા... બાળકના મિત્ર બનવાનું મળ્યું ! કાર્યકરોએ દિવસ – રાત જોયા વિના, સમય – કસમય જોયા વિના સૌના સહયોગથી શ્રેષ્ઠ કાર્ય કરવાનો પ્રયત્ન કર્યો ! સૌના આભારી છીએ.

આ કાર્યક્રમ હવે શૈશવ સંસ્થાના બદલે સરકાર દ્વારા જિલ્લા બાળ સુરક્ષા એકમના સહયોગથી ચાલશે તેવો પત્ર પણ સરકારના વિવિધ વિભાગો, સંસ્થાઓ અને શુભેચ્છકોને લખીને જાણ કરી તથા ૨૦ જુલાઇના રોજ શૈશવના બાલ દોસ્ત અને પૂર્વ આચાર્ય શ્રી પરેશભાઇ ત્રિવેદીના અતિથિ વિશેષ પદે નાનકડો સમારંભ શુભેચ્છકો અને સરકારના વિવિધ પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં યોજી બંધ કર્યો છે તેની જાણ પણ કરવામાં આવી હતી.

એપ્રીલ થી ૭ જુલાઇ'૨૦૨૩ દરમ્યાન આઉટરીચ પ્રોગ્રામ દ્વારા ૩૮ અને ૧૦૯૮ ફોન દ્વારા ૯ બાળકોના એમ મળીને કુલ ૪૭ કેસ આવ્યા હતાં, અને તેના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.

બાળકોની કાળજી અને સુરક્ષા સંબંધ આપણી પ્રતિબધ્ધતા હવે વિશેષ વધી છે. વ્યવસ્થાતંત્રની બહાર રહી વિશેષ પ્રયત્નો કરતા રહીશું.

એપ્રિલ થી જુન' ૨૦૨૩ સુધીની કામગીરીની આંકડાકીય માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | કેટેગરી | કુલ | બાળકોની સંખ્યા | પુખ્તોની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | આઉટરીચ | ૫૮ | ૮૮૯ | ૧૩૭૫ | ૨૨૬૪ |
| ૨ | ઓપન હાઉસ | ૨ | ૫૬ | ૨૫ | ૮૧ |
| ૩ | મહિલા મીટીંગ | ૨ | – | ૩૩ | ૩૩ |
| ૪ | કમ્યુનીટી મીટીંગ | ૨ | – | ૪૦ | ૪૦ |
| ૫ | બાળકો સાથે પ્રવૃતિ | ૧૭ | ૩૪૬ | – | ૩૪૬ |
| ૬ | શાળા | ૧૭ | ૭૦૪૮ | ૧૩૨ | ૭૧૮૦ |
| | કુલ | | ૮૩૩૯ | ૧૬૦૫ | ૯૯૪૪ |

# આરણ્યક કાર્યક્રમ

શૈશવ દ્વારા બાળપણને ચાહવા – સમજવા અને પામવાના અનુસંધાનમાં ડીસેમ્બર'૨૦૧૮ થી નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકામાં વિવિધ સ્તરે બાળકો સાથે કાર્ય શરૂ કર્યાને પાંચ વર્ષ વીતી ગયાં ! ગામમાં બાળકો સાથે કાર્ય કર્યુ, શાળામાં કામ કર્યુ, આંગણવાડીમાં કામ કર્યુ અને આશ્રમશાળાઓમાં કામ કર્યુ...... ગામોમાં મોટેરાઓ સાથે બાળ શિક્ષણ – સુરક્ષાના સંદર્ભમાં જાગૃતિની સાથે સાથે સ્વયં જવાબદારી લઇ નેતૃત્વ વિકસતું થાય તે માટે બાલ દોસ્ત સમિતિઓ બનાવી ! કોરોનાકાળ પણ અનુભવ્યો અને જરૂરીયાતોને લઇને કાર્ય કર્યુ !

૨૦૨૩ – ૨૪ના વર્ષમાં ચઢાવ – ઉતાર પણ આવ્યા, પરંતુ શીખવા ખૂબ મળ્યું. બાળ મૈત્રીપૂર્ણ ગામની સંકલ્પનાને સાકાર કરવાના પ્રયત્નો એક તરફ ચાલે તો બીજી તરફ બાળકો પોતે નક્કી કરે કે શું શીખવું છે, કોની પાસે અને કેવી રીતે શીખવું છે – સ્વયં શિક્ષણ માટે જવાબદાર બને – નેતૃત્વ વિકસાવે માટેની વનશાળાની કલ્પના ! આંગણવાડીમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણને વિશેષ મહત્વ મળે – આ અંગેની શૈક્ષણિક ગેપ ઘટે તે માટે અને સૌથી વધુ જરૂરીયાત વાળા બાળકો આશ્રમશાળામાં હોવાથી ત્યાં પણ સઘન કામ કરવામાં આવ્યું.

આ વર્ષે થયેલ પ્રવૃતિઓ પૈકીની કેટલીક મુખ્ય પ્રવૃતિઓની વાત અહીંયા કરી છે.

## બાળનેતૃત્વ તાલીમ શિબિર

ઉનાળું વેકેશનમાં પ્રથમ ૨ થી ૫ મે'૨૦૨૩ દરમ્યાન ત્રણ  દિવસના નિવાસી બાળ નેતૃત્વ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૧ થી ૧૪ વર્ષની વયજૂથના ૩૪ છોકરાઓ તથા ૪૦ છોકરીઓ મળીને ૭૪ બાળકો સહભાગી થયાં હતાં.

બાળકો બાળ અધિકારોના પરિપેક્ષ્યમાં પોતાને કેવું વિશ્વ જોઇએ છે તેનું સપનું જુએ અને તેની સરખામણી પોતાના ગામ સાથે કરે અને શું ખૂટે છે, શું છે અથવા નથી ત્યાંથી માંડીને સુરક્ષા અંગે કેવા ડર લાગે છે, કયાં લાગે છે વગેરે બાબતોને સમજી પોતાના ગામની સુરક્ષા અંગેનું ઓડીટ કેવી રીતે કરવું તેના વિષે શીખ્યાં હતાં. તો સ્વકાર્ડની રમત દ્વારા પોતાના ગુણ – અવગુણ, વિષે વાતો કરી હતી પોતાનામાં કયાં કૌશલ્યો છે તે સમજવાની સાથોસાથ તેના પર પ્રવૃતિઓ કરી હતી. આ ઉપરાંત રમતો, ફિલ્મ, પેપરક્રાફ્ટ, વાર્તા વગેરે પ્રવૃતિઓની મજા માણી હતી. આમ બે વર્ષથી આવા કેમ્પ નિયમિત યોજાતા થવાથી બાળકોમાં ઉત્સુકતા ખૂબ વધી છે.

## વેકેશન કેમ્પ

શાળાઓમાં ઉનાવુ વેકેશન પડે ત્યારે નવરાશના સમયમાં બાળકો મઝા કરતાં કરતાં શીખતા રહે, તેઓના સમયનો અર્થપૂર્ણ રીતે ઉપયોગ થાય તેવા હેતુથી અગાઉના વર્ષની જેમ આ વર્ષે ૧૪ ગામોમાં પ્રવૃતિઓ આયોજન કર્યુ હતું. બાળકો અને કાર્યકરોએ જૂથચર્ચા દ્વારા ગામમાં અસલામત અને બીક લાગે તેવી જગ્યાઓનું વિશ્લેષણ કર્યુ હતું. આ ઉપરાંત રમતગમત, જીવનકૌશલ્યોની પ્રવૃતિઓ, વિજ્ઞાન, ગણિત જેવા વિષયો ક્રાફ્ટ – ડ્રોઇંગ વગેરેની સાથોસાથ મોટી વયના બાળકો પાસે ડાયરી લખાવી હતી. બાલદોસ્ત હિનાબહેન દ્વારા વર્કશોપ કરવામાં આવ્યા હતાં. આ વેકેશન કેમ્પમાં બાળકોએ હોંશભેર ભાગ લઇ આનંદ માણ્યો હતો.

## બીજો બાળ નેતૃત્વ શિબિર

૯–૧૦ નવેમ્બર, દરમ્યાન બીજા બાળ નેતૃત્વ શિબિરનું આયોજન કર્યુ હતું જેમાં ૧૪ ગામના ૬૬ બાળકો જોડાયા હતાં, જેમાં મોટા ભાગના ગત શિબિરમાં પણ આવ્યા હતાં.

આ કેમ્પમાં જંકફૂડની થીમ પર અનેક પ્રવૃતિઓ, જૂથચર્ચા વગેરે કરવામાં આવ્યા હતાં. જંકફૂડ એટલે શું ? તેની આરોગ્ય પર થતી અસરો, જંકફૂડનો વપરાશ કેટલો છે વગેરે બાબતોને વણી લઇ જંકફૂડથી થતા નુકશાન અંગે બાળકો સમજી શકે તે માટે બોર્ડગેમ તૈયાર કરવામાં આવી હતી. આ ઉપરાંત સર્વે કેવી રીતે કરવો વગેરે બાબતોને તાલીમમાં આવરી લેવામાં આવી હતી.

## બાળ અધિકાર સપ્તાહની ઉજવણી

દર વર્ષની જેમ આ વર્ષે પણ જંકફૂડથી થતા નુકશાનને લઇને કેમ્પમાંથી તૈયાર થયેલ બાળકો અને કાર્યકરોએ ૧૪ થી ૨૦ નવેમ્બર દરમ્યાન ૧૪ ગામોમાં શેરીનાટક, પ્રદર્શન, વાલીઓ સાથે મીટીંગ વગેરે દ્વારા જન જાગૃતિનું કાર્ય કર્યુ હતુ.

## રમતોત્સવ – વનભોજન

ત્રણ ચાર ગામના બાળકોને ભેગા કરી સામૂહિક વોલીબોલ, બેઝબોલ, ક્રિકેટ અને મૈત્રીની રમતો રવિવારની રજામાં એકતરફ રમાડવાનું આયોજન કરવામાં આવે તો બીજા ગામમાં બાળકો વનભોજન – સ્વયંપાકનું આયોજન કરી હોંશભેર જોડાતા રહે તે રીતે ૧૪ ગામોમાં રમતોત્સવ – વનભોજન યોજાયાં હતાં.

## મૈત્રી દિવસ

આ એક અનોખો કાર્યક્રમ આ ૧૪ ગામોમાં આ વર્ષે શરૂ કરવામાં આવ્યો. અઠવાડીયાના કોઇ એક નકકી કરેલ દિવસે બાળકો નકકી કરીને કોઇ એક બાળકના ઘરની મુલાકાત ગોઠવે. મુલાકાતે જતા પહેલા કુટુંબની માહિતી એકત્ર કરી પ્રશ્નોતરી બનાવે. બાળકો ભેગા થઇ મિત્રના ઘરની મુલાકાત લઇ વડીલો સાથે અવનવી વાતો કરે, માહિતી – જ્ઞાન મેળવે અને સબંધોના તંતુને મજબુત કરે. વડીલોને પણ સારૂ લાગે કે કોઇ આપણો સ્વીકાર કરે છે, પૂછે છે અને સન્માન આપે છે. આમાંથી જ 'અમે સાથે છીએ' ની ભાવના વધુ ઘુંટાય ! બાળકો પોતના ઘરનો વારો કયારે આવશે તેની ઇન્તજારી કરે ! બધાને આ પ્રવૃતિ ખૂબ ગમે છે.

## નોટબુક વિતરણ

સંસ્થાના બાલદોસ્ત – શુભેચ્છક અને નિવૃત ડેપ્યુટી કલેકટર શ્રી વ્યાસસાહેબની ઉમદા ભાવના અને સહયોગ વડે આશ્રમશાળાના બાળકો તથા વનશાળાના બાળકોને નોટબુક તથા ફૂલસ્કેપ ચોપડાનું વિતરણ તેઓના ધોરણો અને વિષયોને ધ્યાનમાં રાખી કરવામાં આવ્યું હતું. કુલ ૧૫૫૧ બાળકોને ૪૯૬૯ નોટબુક અને ચોપડા આપવામાં આવ્યા હતાં.

## આંકડાકીય માહિતી

| ક્રમ | પ્રવૃતિ | પ્રવૃતિ સંખ્યા | કુલ બાળકો |
|---|---|---|---|
| ૧ | ટેબલેટ દ્વારા શૈક્ષણિક પ્રવૃતિ | ૨૯૭ | ૪૨૩ |
| ૨ | શૈક્ષણિક પ્રવૃતિ | ૩૯૬ | ૩૩૬ |
| ૩ | તરૂણાવસ્થાના ફેરફારો | ૨૧ | ૪૧૬ |
| ૪ | જીવન કૌશલ્ય પ્રવૃતિ | ૩૯૬ | ૩૨૭ |
| ૫ | રમતગમત | ૯૯ | ૩૫૩ |
| ૬ | ઉત્સવ / દિવસ ઉજવણી | ૭ | ૪૨૩ |
| ૭ | બાળમેળા | ૧૨ | ૪૮૧ |
| ૮ | સમૂહભોજન | ૧૧ | ૨૭૮ |

| ક્રમ | પ્રવૃતિ | પ્રવૃતિ સંખ્યા | કુલ બાળકો |
|---|---|---|---|
| ૯ | એક દિવસની શિબિર | ૧૧ | ૨૭૪ |
| ૧૦ | બાળ નેતૃત્વ શિબિર (નિવાસી) | ૨ | ૧૩૩ |
| ૧૧ | પુસ્તકાલય પ્રવૃતિ | ૫૫ | ૩૫૪ |
| ૧૨ | વનભોજન | ૨ | ૯૫ |
| ૧૩ | ફિલ્મ શો | ૫૫ | ૩૬૭ |
| ૧૪ | વ્યસન મુકિત રેલી | ૩ | ૧૧૩ |
| ૧૫ | બાળ સમિતિ મીટીંગ | ૪૦ | ૫૬૮ |
| ૧૬ | બાલ દોસ્ત મીટીંગ | ૫૫ | ૪30 |
| ૧૭ | વૃક્ષારોપણ | ૧ | ૫૬ |

આમ આ ૧૪ ગામોમાં પ્રવૃતિઓ દરમ્યાન બાળકોની સરેરાશ કુલ હાજરી ૪૮૯ જેવી રહેતી હતી એટલે કે ગામ દીઠ ૪૧ બાળકો જોડાયેલા રહેતા હતાં.

## વન શાળા

જેમ વન પોતે ઉગે – જાતે વિસ્તરે – વિકસે તે જ રીતે બાળક પોતે જાતે નકકી કરે કે શું શીખવું છે – કેવી રીતે શીખવું છે આ માટેનું મુકત વાતાવરણ પૂરૂ પાડવાની જગ્યા એટલે વનશાળા બાળકોને પોતાને ગામની જગ્યામાં જયાં મન મૂકીને બાળપણ માણી શકાય !

આ ૧૪ પૈકીના ૨ શાળામાં વનશાળાનો પ્રયોગ જયાં બાળકોની ઈચ્છા – જરૂરીયાત અને સહભાગિતાને વિશેષ પ્રાધાન્ય આપીને બાળ નેતૃત્વ વિકસે તેવા હેતુથી સામરપાડા અને પોમલાપાડા ગામમાં વનશાળા કાર્યક્રમ હોય. લગભગ ૩૦૦ ઉપરાંત બાળકો સાથે અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

દર મહિને બાળકો મીટીંગ કરી નકકી કરે છે કે આ મહિનામાં શું શીખવું છે તેમાં મુદ્દા – આયોજન તેઓ કાર્યકરોને આપે તે મુજબ કાર્ય થતું હોય છે.

આ બાળકો એ અગાઉ જણાવ્યું તેમ બાળનેતૃત્વ તાલીમ શિબિર, બાળમેળા, જંકફૂડ અભિયાન જેવા કાર્યક્રમોમાં તો જોડાયા હોય જ તે ઉપરાંત પ્રોજેકટ બેઝ લર્નીંગ દ્વારા ઘણું બધું શીખી રહ્યા છે, જેની આંકડાકીય માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | પ્રવૃતિ | પ્રવૃતિ સંખ્યા | છોકરા | છોકરી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રોજેકટ લર્નીંગ સરેરાશ સંખ્યા | ૧૬ | ૯૯ | ૧૦૩ | ૨૦૧ |
| ૨ | શૈક્ષણિક પ્રવૃતિઓ સરેરાશ હાજરી | ૮૯ | ૩૧ | ૩૧ | ૬૨ |
| ૩ | રમતગમત સરેરાશ હાજરી | ૪૬ | ૪૪ | ૪૩ | ૮૭ |
| ૪ | ટેબલેટ દ્વારા શૈક્ષણિક પ્રવૃતિ સરેરાશ હાજરી | ૬૯ | ૩૩ | ૩૪ | ૬૭ |
| ૫ | કિશોર / કિશોરી મંડળ સરેરાશ હાજરી | ૧૯ | ૨૫ | ૨૫ | ૫૦ |
| ૬ | લાઈબ્રેરી સરેરાશ હાજરી | ૫૪ | ૩૧ | ૩૧ | ૬૨ |
| ૭ | બાળમેળા | ૪ | ૪૯ | ૬૦ | ૧૦૯ |
| ૮ | એક દિવસની તાલીમ | ૬ | ૧૦૬ | ૯૬ | ૨૦૨ |
| ૯ | ફિલ્મ શો | ૬ | ૧૭૨ | ૧૪૩ | ૩૧૫ |
| ૧૦ | ઉત્સવ ઉજવણી | ૪ | ૧૧ | ૮૩ | ૧૫૪ |
| ૧૧ | સમૂહ ભોજન | ૨ | ૩૦ | ૩૨ | ૬૨ |
| ૧૨ | સ્પોર્ટસ ટુર્નામેન્ટ | ૩ | ૬૮ | ૩૭ | ૧૦૫ |
| ૧૩ | બાળકો દ્વારા કાર્યક્રમ | ૧૦ | ૨૧૨ | ૨૩૯ | ૪૬૧ |
| ૧૪ | બાળ સમિતિ મીટીંગ | ૧૨ | ૧૩ | ૧૩ | ૨૭ |
| ૧૫ | બાલદોસ્ત મીટીંગ | ૧૬ | ૧૦૯ | ૧૨૮ | ૨૩૭ |

## આશ્રમશાળા

અતિ દુરના વિસ્તારના બાળકો, સ્થળાંતરિત મજુર કુટુંબોના બાળકો કે સીંગલ પેરેન્ટ કે અનાથ બાળકો માટે સરકારના આદિજાતિ વિભાગ દ્વારા વિવિધ સંસ્થાઓની મદદથી આશ્રમશાળાઓ ચાલતી હોય છે.

ડેડીયાપાડા તાલુકામાં શૈશવના કાર્યની શરૂઆત ૨૦૧૯થી થઇ ત્યારથી આપણે આવી આશ્રમશાળાઓમાં પૂરક સહયોગ માટે કાર્ય કરી રહ્યા છીએ. આ પ્રવૃતિઓમાં આશ્રમશાળાના આચાર્ય, શિક્ષકો, ગૃહપતિ – ગૃહમાતાઓનો સુંદર સહયોગ પ્રાપ્ત થઇ રહ્યો છે.

હાલમાં ધો. ૧ થી ૮ની ૭ આશ્રમશાળાઓ તથા ધો ૯–૧૦ની ૨ આશ્રમશાળાઓ ઉપરાંત કનબુડી ગામની પ્રાથમિક શાળા તથા

અલચાવાડીની હાઇસ્કૂલ મળીને કુલ ૧૧ શાળાઓના કુલ ૭૪૪ છોકરા તથા ૮૦૭ છોકરી ઓ મળી કુલ ૧૫૫૧ બાળકો પ્રવૃતિઓમાં સહભાગી થઇ રહ્યાં છે. આશ્રમશાળાઓમાં મુખ્યત્વે શૈક્ષણિક ઉપરાંત કિશોરાવસ્થામાં થતા શારીરીક, માનસિક અને ભાવનાત્મક ફેરફારો અને સુરક્ષા, બાળકોના અધિકાર, જીવન કૌશલ્યો, રમતગમત, કિશોરીઓનું સ્વરક્ષણ, પીચર ગૃપ, પુસ્તકાલય, ફિલ્મ શો જેવી વૈવિધ્યપૂર્ણ પ્રવૃતિઓ કરાવવામાં આવે છે.

દર મહિને બાળકો મીટીંગ કરી નકકી કરે છે કે આ મહિનામાં શું શીખવું છે તેમાં મુદા – આયોજન તેઓ કાર્યકરોને આપે તે મુજબ કાર્ય થતું હોય છે.

આ બાળકો એ અગાઉ જણાવ્યું તેમ બાળનેતૃત્વ તાલીમ શિબિર, બાળમેળા, જંકફૂડ અભિયાન જેવા કાર્યક્રમોમાં તો જોડાયા હોય જ તે ઉપરાંત પ્રોજેકટ બેઝ લર્નીંગ દ્રારા ઘણું બધું શીખી રહ્યા છે, જેની આંકડાકીય માહિતી નીચે મુજબ છે.

## પીચર ગૃપ

આ વર્ષે બાળકો એકમેકની કાળજી અને જવાબદારી લઇ મદદરૂપ થાય તથા માનસિક સધિયારો – હૂંફ લાગે તે માટે પીચરગૃપની રચનાની વ્યુહરચના અપનાવવામાં આવી હતી જે ખૂબ જ અસરકારક રહી. બાળકોના નાના– નાના કુટુંબો બન્યા અને પોતાનું એકલવાયાપણું – મુંઝવણોને દૂર રાખી પ્રોત્સાહક સહયોગ વિકસાવી શકયાં હતાં

### આશ્રમશાળાઓની આંકડાકીય માહિતી

| ક્રમ | પ્રવૃતિ | પ્રવૃતિ સંખ્યા | છોકરા | છોકરી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | જીવન કૌશલ્ય પ્રવૃતિ | ૨૨ | ૪૯૬ | ૫૨૮ | ૧૦૨૪ |
| ૨ | બાળ અધિકાર | ૧૧ | ૪૧૮ | ૫૦૪ | ૯૨૨ |
| ૩ | હેલ્થ – હાઇજીન | ૧૧ | ૩૪૯ | ૪૧૫ | ૭૬૪ |
| ૪ | પ્રદર્શન | ૧૧ | ૪૭૫ | ૪૮૧ | ૯૫૬ |
| ૫ | કિશોર મેળા | ૧૦ | ૩૩૮ | | ૩૩૮ |
| ૬ | કિશોરી મેળા | ૧૦ | | ૪૦૦ | ૪૦૦ |
| ૭ | પુસ્તકાલય પ્રવૃતિ | ૧૧ | ૪૭૪ | ૪૮૭ | ૯૬૧ |
| ૮ | વેનલીડો સ્વરક્ષણ | ૬ | | ૧૩૬ | ૧૩૬ |
| ૯ | શિક્ષક મીટીંગ | ૧૧ | ૨૮ | ૨૪ | ૫૨ |
| ૧૦ | બાળમેળા | ૭ | ૧૮૮ | ૧૭૮ | ૩૬૬ |

## આંગણવાડી કાર્યક્રમ

ગત વર્ષથી શરૂ કરેલ આંગણવાડીના નાના ભૂલકાઓ સાથે પૂર્વ પ્રાથમિક શિક્ષણ વધુ મજબુત થાય તેવા હેતુથી ૧૪ ગામની ૧૬ આંગણવાડીમાં દર અઠવાડીયે પ્રવૃતિઓ કરાવવા માટે જવાનું કાર્ય ગત વર્ષથી શરૂ કર્યુ હતું તેને આ વર્ષે પણ સઘનપણે સફળતાપૂર્વક કરી શકયા હતા અને તેની અસરકારકતા પણ જોવા મળી હતી.

૧૬ આંગણવાડીના ૨૨૯ બાળકો (૧૨૩ છોકરીઓ તથા ૧૦૬ છોકરાઓ) સાથે અનેકવિધ સાધનો અને પ્રવૃતિઓની મદદથી રમતગમત, ગીત–વાર્તા, ડ્રોઈંગ, ક્રાફટ અને શૈક્ષણિક જેવી ૨૨ પ્રકારની પ્રવૃતિઓ દ્રારા તેઓના શિક્ષણ અનુભવને વિશેષ સમૃધ્ધ કરવામાં આવ્યો હતો. બાળકોમાં પોતાનો વારો આવે તેનો તરવરાટ અને ઉત્સુકતા, આત્મવિશ્વાસ જોવા મળતો હતો. સંકોચ ધીરે ધીરે દૂર થઇ રહ્યો હતો.

**<u>નૂતન પહેલ</u>**

ડેડિયાપાડા તાલુકાના ૧૪ ગામોમાં બાળકોની સાથે સાથે વાલીઓ અને આગેવાનો સાથે પણ કાર્ય કરવામાં આવી રહ્યું છે. બાળકોના અધિકાર અને હાલની સ્થિતિ, બાળક પ્રત્યેની જવાબદારી અને કાર્ય પ્રત્યેની નિસ્બત વગેરે મુદ્દાઓ દ્વારા બાલદોસ્ત સમિતિ સક્રિય રીતે કાર્યરત થાય તે માટેના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

બાળકોને બાળ અધિકારોની વાત વિવિધ બોર્ડ ગેમની મદદથી શીખવવામાં આવી રહી હતી અને આ રમતો સેજપુર ગામના સરપંચ બહેને જોઇ અને કૂતુહલતાથી કહ્યું :''અમને પણ આવી રમતો રમાડોને ! '' અને બાલદોસ્ત સમિતિના મોટેરાઓ આ બોર્ડગેમ વડે રમ્યા, એમને ખૂબ મઝા આવી, સ્થિતિનું મૂલ્યાંકન અને માહિતી સરળતાથી એમને સમજાઇ ! પછી તો એ બોર્ડ ગેમ ઘરે લઇ ગયા, ફરી ફરીને રમવા માટે !

અમને પણ આ પ્રયોગ ગમ્યો, પછી તો બધા જ ગામોમાં બાલદોસ્ત સમિતિના સભ્યોને બાળ અધિકારની બોર્ડગેમ દ્વારા તાલીમ આપી ! આમ પ્રથમવાર વાલીઓ પણ બોર્ડગેમ દ્વારા બાળ અધિકારોને સમજયા !

**<u>સ્વરક્ષણ</u>**

કિશોરીઓને સ્વરક્ષણની વિશિષ્ટ 'વેનલીડો' તાલીમ નિયમિત રીતે આપવામાં આવે છે. આશ્રમશાળામાં ભણતી ગૌરીએ આ તાલીમ લીધી હતી. એકવાર એમના સગાને ત્યાં લગ્નમાં તે અને તેની બહેન બન્ને ગયા હતાં, ત્યાં કેટલાક છોકરાઓએ ઠઠ્ઠા – મશ્કરી કર્યા. તેઓ પાછા ફરતા હતાં ત્યારે રસ્તામાં એક છોકરાએ ગૌરીની બહેનનો હાથ પકડયો. ગૌરીએ ડર્યા વગર બહેનને હાથ કેમ રીત છોડાવવો તે બતાવ્યું અને બહેને પોતાનો હાથ છોડાવ્યો અને ત્યાંથી ભાગી નીકળ્યાં ! છોકરા અણચિંતવ્યા પ્રતિકારથી ડઘાઇ ગયા !

**<u>સલામત જગ્યા</u>**

હિરેન વનશાળાની પ્રવૃતિઓમાં નિયમિત આવે અને રસપૂર્વક પ્રવૃતિઓમાં જોડાય. વચ્ચે થોડા સમયથી તે અનિયમિત થઇ ગયો એટલે કાર્યકરે તેના ઘરની વીઝીટ કરી અને જાણવા મળ્યું કે કેટલાક અન્ય બાળકો તેને હેરાન કરે છે. કાર્યકરે વનશાળામાં આવતા બધા જ બાળકો સાથે ચર્ચા કરી અને પ્રશ્નનો ઉકેલ કર્યો. સૌએ નકકી કર્યુ કે હવે પછી કયારેય કોઇની મશ્કરી, હેરાનગતિ કે સતામણી નહીં કરીએ. બાળકોએ તો પહેલ કરી એકબીજાની કાળજી લેવાની , અને એ આદત અને જીવન વ્યવહારમાં ચાલે તો જ સારા નાગરિક થઇ શકાય ! બાળકોએ પછી તો ઉષ્માભેર હિરેનને પુન: પ્રવૃતિઓમાં આવકાર્યો ! વનશાળા તો બધા બાળકો માટેની શાંત – સમૃધ્ધ અને સલામત જગ્યા છે !

**ભલેને આપણો પોષાક અને ચામડીનો રંગ અલગ હોય કે આપણે અલગ અલગ ભાષાઓ બોલતા હોઈએ. એ સપાટી પરનું છે. પણ મૂળભૂત રીતે આપણે માનવો જ છીએ.**

**- દલાઈ લામા**

# વર્ષ ૨૦૨૩ – ૨૪ દરમ્યાન આવેલ ડોનેશન ની યાદી

| ક્રમ | નામ | ગામ | રકમ |
|---|---|---|---|
| ૧ | યુનિકોર્ન ઈન્ફ્રા પ્રોજેકટ એન્ડ એસ્ટેટસ પ્રા. લી | મુંબઈ | ૫,૦૦,૦૦૦ |
| ૨ | લીલાવતી આર શાહ મેડીકલ રિલીફ ટ્રસ્ટ | મુંબઈ | ૩,૦૦,૦૦૦ |
| ૩ | ટ્રાન્સપેક ઈન્ડસ્ટ્રી લિમિટેડ | વડોદરા | ૨,૦૦,૦૦૦ |
| ૪ | હાઈટેક ઈન્વેસ્મેન્ટ કાસ્ટિંગ લી. | શિહોર | ૧,૦૦,૦૦૦ |
| ૫ | સુધાકરભાઈ શાહ | મુંબઈ | ૧,૦૦,૦૦૦ |
| ૬ | પ્રદિપભાઈ એન ખાંડવાળા | અમદાવાદ | ૫૦,૦૦૦ |
| ૭ | સીમાબેન પ્રવિણભાઈ નાઈક | સુરત | ૫૦,૦૦૦ |
| ૮ | હસમુખ બી મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ | મુંબઈ | ૩૬,૦૦૦ |
| ૯ | યશ વર્મા | ભોપાલ | ૩૫,૦૦૦ |
| ૧૦ | જયેશભાઈ ચંપકલાલ ભાયાણી | અમદાવાદ | ૩૦,૦૦૦ |
| ૧૧ | શ્રી દલાલ ભુવન અંબાજી | અમદાવાદ | ૩૦,૦૦૦ |
| ૧૨ | કિશોરભાઈ પી મિસ્ત્રી | વડોદરા | ૩૦,૦૦૦ |
| ૧૩ | ભાઈચંદ એમ મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ | મુંબઈ | ૨૫,૦૦૦ |
| ૧૪ | નગીનદાસ હિરાલાલ ભાયાણી | ભાવનગર | ૨૫,૦૦૦ |
| ૧૫ | દીપિકાબહેન દિનેશચંદ્ર નગોરી | મુંબઈ | ૨૧,૦૦૦ |
| ૧૬ | શ્રી દિલિપભાઈ શુકલ | અમરેલી | ૨૦,૦૦૦ |
| ૧૭ | શિલ્પા જે મહેતા ફાઉન્ડેશન | મુંબઈ | ૧૧,૦૦૦ |
| ૧૮ | મનોજભાઈ ડી આનંદપૂરા | અંકલેશ્વર | ૧૧,૦૦૦ |
| ૧૯ | માધવીબેન રાજુભાઈ શાહ | નવસારી | ૧૧,૦૦૦ |
| ૨૦ | રેખાબેન પંકજભાઈ શાહ | મુંબઈ | ૧૧,૦૦૦ |
| ૨૧ | યજ્ઞનેશકુમાર પટેલ | ગોધરા | ૧૫,૦૦૦ |
| ૨૨ | રામચંદ્રભાઈ પંચોલી | સણોસરા | ૧૦,૦૦૦ |
| ૨૩ | સુમિટોમો કેમિકલ ઈન્ડિયા લિમિટેડ | ભાવનગર | ૧૦,૦૦૦ |
| ૨૪ | ડો. ભરતભાઈ એન પંચાલ | અમદાવાદ | ૧૦,૦૦૦ |
| ૨૫ | રાધિકાબેન હિમ્મતલાલ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ | વડોદરા | ૧૦,૦૦૦ |
| ૨૬ | શારદાબેન એમ. રાવલ | ભાવનગર | ૭,૦૦૦ |
| ૨૭ | ડો. ફોરમ પાર્થકુમાર શેઠ | વડોદરા | ૫,૦૦૧ |
| ૨૮ | બીમલકુમાર પ્રમોદરાય શેઠ | વડોદરા | ૫,૦૦૦ |
| ૨૯ | ડો. લતાબેન અનિલભાઈ દેસાઈ | ભરૂચ | ૫,૦૦૦ |
| ૩૦ | અંકુર સોમાની | પુણે | ૫,૦૦૦ |
| ૩૧ | ડો. ભરતભાઈ એમ. શાહ | અમદાવાદ | ૫,૦૦૦ |
| ૩૨ | મહેન્દ્રકુમાર ઉત્તમચંદ શાહ | ભાવનગર | ૩,૦૦૦ |
| ૩૩ | સાધનાબેન રમણલાલ શાહ | અમદાવાદ | ૩,૦૦૦ |
| ૩૪ | વિપુલભાઈ | ભરૂચ | ૧,૦૦૦ |
| ૩૫ | શ્રી બંકિમભાઈ શેઠ | ઝઘડિયા | ૫૦૦ |
| ૩૬ | શ્રી જયશ્રીબહેન શેઠ | ઝઘડિયા | ૫૦૦ |

DILIP R.SHAH & CO.
CHARTERED ACCOUNTANTS

A-2-21,AJ ANTA COMM.CENTRE,
ASHRAM ROAD,NEAR.INCOMETAX,
AHMEDABAD-38 OO 14

## AUDITOR'S REPORT

To The Trustees,
Shaishav Trust,
At. Ahmedabad.

**Opinion**

Wo have audited the financial statements of the Shaishv Trust At. Ahmedabad. which comprise the balance sheet as at March 31,2024, and the lncome and Expenditures Account or the year then ended, and notes to the financial statements, including a summary of significant accounting policies.

In our opinion, the accompanying financial statements of the Trust prepared, in all material respects, in accordance with provisions of The Bombay Public Trust Act 1950.

**Basis for Opinion**

We conducted our audit in accordance with the Standards on Auditing (SAs) issued by lCAl. Our responsibilities under those Standards are further described in the Auditor's Responsibility for the Audit of the Financial Statements sections of our report. We are independent of the Trust In accordance with the Code of Ethics issued by lCAl and we have fulfilled our other ethical responsibilities in accordance with the Code of Ethics. We believe that the audit evidence we have obtained is sufficient and appropriate to provide a basis for our opinion.

**Responsibilities of Management and Those Charged with Governance for the Financial Statements**

Trustees are responsible for the preparation of the financial statements in accordance with the Bombay public Trust Act l950 and for such internal control as management determines is necessary to enable the preparation of financial statements that are free from material misstatement, whether due to fraud or error.

In preparing the financial statements, trustees are responsible for assessing the Trust's ability to continue as a going concern, disclosing, as applicable, matters related to going concern and using the going concern basis of accounting unless management either intends to liquidate the Trust or to cease operations, or has no realistic alternative but to do so. Those charged with governance are responsible for overseeing the Trust's financial reporting process.

**Auditor's Responsibilities for the Audit of the Financial statements**

Our objectives are to obtain reasonable assurance about whether the financial statements as a whole are free from material statement, whether due to fraud or error, and to issue an auditor's report that includes our opinion. Reasonable assurance is a high level of assurance, but is not a guarantee that an audit conducted in accordance with SAs will always detect a material misstatement when it exists. Misstatements can arise from fraud or error and are considered material if, individually or in the aggregate, they could reasonably be expected to influence the economic decisions of users taken on the basis of these financial statements.

As part of an audit in accordance with SAs, we exercise professional judgment and maintain professional skepticism throughout the audit. We also:

(a) identify and assess the risks of material misstatement of the financial statements, whether due to fraud or error, design and perform audit procedures responsive to those risks, and obtain audit evidence that is sufficient and appropriate to provide a basis for our opinion. The risk of not detecting a material misstatement resulting from fraud is higher than for one resulting from error, as fraud may involve collusion, forgery, intentional omissions, misrepresentations, or the override of internal control. Obtain an understanding of internal control relevant to the audit in order to design audit procedures that are appropriate in the circumstances, but not for the purpose of expressing an opinion on the effectiveness of the Trust's internal control.

(b) Evaluate the appropriateness of accounting policies used and the reasonableness of accounting estimates and related disclosures made by management.

(c) Conclude on the appropriateness of management's use of the going concern basis of accounting and, based on the audit evidence obtained, whether a material uncertainty exists related to events or conditions that may cast significant doubt on the Trust's ability to continue as a going concern. lf we conclude that a material uncertainty exists, we are required to draw attention in our auditor's report to the related disclosures in the financial statements or, if such disclosures are inadequate, to modify our opinion. Our conclusions are based on the audit evidence obtained up to the date of our auditor's report. However, future events or conditions may cause the Trust to cease to continue as a going concern.

We communicate with those charged with governance regarding, among other matters, the planned scope and timing of the audit and significant audit findings, including any significant deficiencies in internal control that we identify during our audit.

We also provide those charged with governance with a statement that we have complied with relevant ethical requirements regarding independence, and to communicate with them all relationships and other matters that may reasonably be thought to bear on our independence, and where applicable, related safeguards

Report on Other Legal and Regulatory Requirements
Further to our this report, we report that the accounts are maintained regularly and in accordance with the provisions of the Act and the Rules;

a) receipts and disbursements are properly and correctly shown in the accounts;
b) The Cash balance and Vouchers in the custody of the manager or Trustee on the date of the audit are in the agreement with accounts;
c) All books, deeds, accounts voucher and other documents and records required by us were produced before us;
d) An inventory, certified by the trustee of the movables of the Trust has been maintained;
e) The Accountant Shri Aashish Raval & Trustee Falgun P. Sheth appeared before us and furnished the necessary information required by us;
f) No Property or Funds of the Trust were applied for any object or purpose other than the objects or Purposes of trust;
g) The amounts outstanding for more than one year are Rs Nill consist of Nil No of Accounts Nil and the amount written-off is Rs. Nil.
h) Tender were not invited for repairs or construction as the expenditure involved did not exceed Rs.5,000;
i) No money of the Public Trust has been invested contrary to the provisions of section 35;
j) no alienations of immoveable property has been made contrary to the provisions section 36
k) We have not noticed any special matter, found necessary to bring to the notice of deputy or assistant charity commissioner.

Place:- Ahmedabad
Date :- 23-07-2024

For Dilip R. Shah & Co.
[Dilip R.Shah.prop ]
Membership No..--030610
F R No.-:-102572W
Udin : -240306 10BJZYHP1004

## અમે આભારી છીએ ....

અમારી નિયમિત પ્રવૃતિઓને ગ્રાન્ટ આપીને અમૂલ્ય મદદ કરનારના...

1. એક્સીસ બેંક ફાઉન્ડેશન
2. ઇમ્પેકટ ફાઉન્ડેશન
3. ચાઇલ્ડ લાઇન ઇન્ડિયા ફાઉન્ડેશન
4. વેસ્ટબ્રીજ એડવાઇઝરર્સ LLP
5. અજીમ પ્રેમજી ફીલાનથ્રોફીક ઇનીસીએટીવ
6. આનંદ એન્જીનીયર્સ પ્રા.લી
7. મધુસિલિકા ફાઉન્ડેશન
8. તંબોલી કાસ્ટિંગસ પ્રા.લી
9. અવેર ફાઉન્ડેશન
10. ઇન્ડિયા ડેવેલપમેન્ટ સર્વીસસ (IDS)
11. કોમિક રિલીફ

# FINANCIAL STATEMENT 2023-24

| Funds & Liabilities | As on 31.03.24 | As on 31.03.2 |
|---|---|---|
| Trust Funds or Corpus | 15,70,581.00 | 15,70,581. |
| Other Earmarked Funds | | |
| (a) Building Fund | 1,12,78,343 40 | 1,12,78,343 |
| (b) Non, Recurring | 71,19,600.00 | 71,19,600. |
| (c) Un Utilized Fund | 25,76,849.56 | 22,07,541. |
| (d) Aaranyak Project Fund | 54,12,191.81 | 38,17,460. |
| (e) Balsena Project Fund | 63,42,853.12 | 60,60,901. |
| Other Liabilities | 39,72,643.86 | 45,68,366. |
| Income & Expenditure Account | 3,71,63,507 91 | 3,35,53,419 |
| **Total** | **7,54,36,570.66** | **7,01,76,213** |

| ASSETS | As on 31.03.24 | As on 31.03. |
|---|---|---|
| Immovable Properties | 99,35,903.00 | 99,35,903. |
| Furniture & Fixture | 63,90,912.00 | 63,90,912. |
| Loan & Advance | 6,300.00 | 6,300.0 |
| Income Receivable | 16,24,318.01 | 13,31,585. |
| Cash & Bank Balance | 5,74,79,137 65 | 5,25,11,513 |
| **Total** | **7,54,36,570.66** | **7,01,76,213** |

# FINANCIAL STATEMENT 2023-24

| EXPENDITURE | As on 31.03.24 | As on 31.03.23 |
|---|---|---|
| Establishment Expenses | 6,034.47 | 14,671.6 |
| Expenses on the Object of the Trust | 9,53,0321.69 | 1,22,69,420.0 |
| Amts. Tr. to reverse or specific Fund | 3,69,307.99 | ----- |
| Surplus carried over to Balance Sheet | 36,10,088.69 | 40,10,389.4 |
| **Total** | **1,35,15,752.84** | **1,62,94,481.1** |

| INCOME | As on 31.03.24 | As on 31.03.2 |
|---|---|---|
| Interest | 28,91,470.00 | 21,08,979.0 |
| Donation | 3,11,000.00 | 4,49,863.5 |
| Grant | 98,59,493.84 | 80,29,179.0 |
| Unit Trust of india Dividend | ----- | 1,99,486.5 |
| Training & Workshop fees | 3,23,000.00 | 5,66,727.0 |
| Other Misc. Income | 1,30,789.00 | 7,00,005.0 |
| Transfer From Reserved Fund | ------ | 42,40,241.0 |
| **Total** | **1,35,15,752.84** | **1,62,94,481.1** |

Place : Ahmedabad

Date : 23-07-2024

For Shaishav
Falgun Sheth
Managing Trustee

For Dilip R. Shah & Co.
Dilip R. Shah, Proprietor
Chartered Accountant

# સ્વૈચ્છિક સંસ્થાઓની વિશ્વસનીયતા માટે ધારા – ધોરણોનો અમલ

| વિગત | અમલ |
|---|---|
| **(A) નોંધણી :** | |
| • સંસ્થાનું નામ | • શૈશવ |
| • રજી. સરનામું | • આઇ, ૧૦૦૩, ઇન્દ્રપ્રસ્થ, ડ્રાઇવઇન થિયેટર પાસે, થલતેજ રોડ, અમદાવાદ |
| • કાર્ય સ્થળનું સરનામુ | • બ્લોક નં. ૩, બીજો માળ, સરદાર પટેલ શોપીંગ સેન્ટર, સરદારનગર સર્કલ, ભાવનગર<br>ફોન : (૦૨૭૮) ૨૫૬૮૫૬૧ |
| | • F/3642/Ahmedabad |
| | • Guj/3592/Ahmedabad |
| • જાહેર સંસ્થા નોંધણી નં. | • AABTS0865NE202154 |
| • સોસાયટી રજી. નં. | • AABT50865NF20214 |
| • ઇન્કમટેક્ષ એકટ મુજબ ૧૨(એ) રજીસ્ટ્રેશન | • AABTS0865N |
| • ઇન્કમટેક્ષ એકટ મુજબ ૮૦(જી) સર્ટી. નં. | • 041980028 |
| • ઇન્કમટેક્ષ એકટ મુજબ પાન એકાઉન્ટ નં. | • CSR00000942 |
| • વિદેશી સહાય નોંધણી નં. | • બેંક ઓફ બરોડા, મોખડાજી બ્રાંચ |
| • સી એસ આર નોંધણી નં. | • IDBI બેંક વાઘાવાડી રોડ, ભાવનગર |
| • મુખ્ય બેંકનું નામ અને સરનામું | • યુનિયન બેંક ઓફ ઇન્ડિયા, આશ્રમ રોડ, અમદાવાદ |
| | • સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા ન્યુ દિલ્હી બ્રાંચ |
| • પરદેશના દાન માટે | |
| **(B) સંસ્થાના ધ્યેય અભિગમની સ્પષ્ટતા અને પ્રતિબધ્ધતા** | |
| • સંસ્થાના બંધારણ અને વિવિધ અહેવાલમાં | |
| • કાર્યક્રમો અને પ્રવૃતિઓમાં રૂપાંતર | • સ્પષ્ટ અને દ્રઢ રજૂઆત |
| • કાર્યકરો, સ્થાનિક લોકો તથા બાળકોમાં સ્પષ્ટતા અને સ્વીકૃતિ | • રજૂઆત સારી રીતે |
| | • સભાન પ્રયત્નો |
| **(C) વહીવટ અને સંચાલન સંચાલક મંડળના સભ્યો ટ્રસ્ટીઓ** | • ટ્રસ્ટી મંડળની યાદી અલગથી આપી છે.<br>• ટ્રસ્ટી મંડળમાં ૫૦ % થી વધુ મહિલાઓ સભ્યો<br>• ટ્રસ્ટી મંડળમાં સંસ્થાના સીનીયર કાર્યકર કાયમી આમંત્રિત<br>• ટ્રસ્ટી મંડળમાં સ્થાનિક પ્રતિનિધિઓ કાયમી આમંત્રિત<br>• ટ્રસ્ટી મંડળમાં બાલસેના, તરૂણસેનાના પ્રતિનિધિઓ કાયમી આમંત્રિત<br>• ટ્રસ્ટી મંડળમાં બે ટ્રસ્ટી સગા છે.<br>• બોર્ડના કોઇપણ ટ્રસ્ટીને ટ્રસ્ટી તરીકે કોઇપણ પ્રકારના ભથ્થા ચૂકવવામાં આવતાં નથી.<br>• વર્ષ ૨૦૨૩ – ૨૪ દરમ્યાન ટ્રસ્ટીમંડળની ૩ મીટીંગ યોજાઇ હતી. |
| **(D) દરેક પ્રવૃતિઓ માટેના લક્ષ્યાંકો, સમીક્ષા અને સમયાંતરે મોનીટરીંગ** | • દર વર્ષે સમગ્ર સ્ટાફ દ્વારા ત્રિમાસિક, છ માસિક, વાર્ષિક આયોજન તથા રીવ્યુ કાર્યની વહેંચણી, જવાબદારી તેમજ સુવ્યવસ્થિત રીતે અમલ ગુણવતા પર વધુ ભાર, નિયમિત રીપોર્ટીંગ<br>• બહારના નિષ્ણાંતો તથા દાતા એજન્સીઓ દ્વારા કાર્યક્રમોની નિયમિત સમીક્ષા |

- રચના થઇ છે / અનિયતકાલીન મીટીંગ થાય છે.
- સંસ્થાના વિઝન મિશન સ્ટેટમેન્ટ નિયમિત ચકાસવામાં આવે છે.

**(E) કાર્યકાર સલાહકાર જૂથ સંસ્થામાં વિવિધ નીતિ – માર્ગદર્શન**

- સંસ્થાના કાર્યકરો માટેની નીતિ નિયમોની માર્ગદર્શીકા છે.
- બાળ સુરક્ષા નીતિ છે./જેન્ડર નીતિ છે./ સ્વયંસેવક નીતિ છે.
- એકાઉન્ટ, ખરીદી, સ્ટોર, ડેડસ્ટોક વિ. અંગેની નીતિઓ અને અમલ
- મહિલા સુરક્ષા સમિતિ, શિસ્ત સમિતિ, બાળસુરક્ષા સમિતિની રચના થઇ છે અને તેના સભ્યો સમયાંતરે બદલાતા હોય છે.

**(F) માનવ સંસાધન**

➢ અર્થપૂર્ણ, તાર્કિક અને અમલમાં

- વેતન ધોરણે અને કાર્યકરો

પગાર ધોરણ પ્રમાણે કાર્યકરોની વહેંચણી (માર્ચ ૨૦૨૩ પ્રમાણે)

| પગાર ધોરણ | ફૂલ ટાઇમ | પાર્ટ ટાઇમ | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧૫,૦૦૦ થી નીચે | 5 | 2 | 3 | 4 | 7 |
| ૧૫,૦૦૦ થી ૨૫,૦૦૦ | 3 | | | 3 | 3 |
| ૨૫,૦૦૦ થી વધુ | 6 | | 3 | 3 | 6 |
| કુલ | 14 | 2 | 6 | 10 | 16 |

- હાલના કાર્યકરોએ સંસ્થામાં ગાળેલ વર્ષ

| સંસ્થામાં ગાળેલ વર્ષો | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| ૩ થી ઓછા વર્ષ | 3 | 2 | 5 |
| ૩ થી ૫ વર્ષ | | 3 | 3 |
| ૫ થી ૧૦ વર્ષ | | 3 | 3 |
| ૧૦ થી વધુ વર્ષ | 3 | 2 | 5 |
| કુલ | 6 | 10 | 16 |

- નિમણુંક પત્રો — તમામને આપવામાં આવે છે.
- પી એફ, ગ્રેજયુઇટી, રજાઓ જેવા લાભો — નિયમ મુજબ તમામ કાર્યકરોને આપવામાં આવે છે.
- પર્સનલ એકસીડન્ટ પોલિસી — તમામ કાર્યકરોની લેવામાં આવે છે.
- સ્ટાફ વેલફેર — સ્ટાફ વેલ્ફેરની વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવે છે.
- મીટીંગો
  - દર અઠવાડિયે કો ઓર્ડીનેશન મીટીંગ
  - દરેક વિભાગોની અઠવાડિક મીટીંગો
  - લગભગ દર મહીને તમામ સ્ટાફની મીટીંગ
- કાર્યકરોની ક્ષમતાવર્ધન અને વ્યવસાયિક વિકાસ
  - ક્ષેત્રીય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ તાલીમ, કાર્યશિબિર અને કોન્ફરન્સમાં સહભાગી થવા દરેક સ્તરે પ્રોત્સાહન
  - ક્ષમતાવર્ધન માટે વાર્ષિક આયોજન મુજબ કાર્યકરોની વિવિધ તાલીમો
  - રસ – રૂચિ અને અનુભવને આધારે કાર્ય બદલાવ અને નવા કાર્યમાં જવાબદારી –

**(G) જવાબદેહિતા અને પારદર્શિતા**

- પ્રકાશનો — દર વર્ષે પ્રકાશિત થાય છે.
- વાર્ષિક હિસાબો — દર વર્ષે પ્રકાશિત થાય છે.
- વેબસાઇટ — સંસ્થાની વેબસાઇટ હાલમાં નવેસરથી તૈયાર કરવાનું કાર્ય ચાલી રહ્યું છે.

### (H) **નાણાકીય પાસાઓ**

| | |
|---|---|
| • બોર્ડ મિટિંગ વાર્ષિક બજેટ | • વાર્ષિક બજેટ અને નાણાંકીય સમીક્ષા દરેક મીટીંગમાં ચર્ચવામાં આવે છે.<br>• સ્ટાન્ડર્ડ નિયમો અનુસાર અમલમાં |
| • હિસાબી પદ્ધતિ | • દરેક નાણાંકીય લેવડ દેવડ અંગે બીલ / રસીદ વિ. સાથે ચોકસાઇપૂર્વક અમલમાં |
| • નાણાંકીય લેવડ – દેવડ | • દરેક મહિને મોનીટરીંગ કરવામાં આવે છે.<br>• દર ત્રણ મહિને ઓડીટ થાય છે. તેમજ વાર્ષિક ઓડીટ અને હિસાબો પ્રકાશિત કરવામાં આવે છે. |
| • હિસાબી મોનીટરીંગ<br>• ચાર્ટડ એકાઉન્ટન્ટ દ્વારા ઓડીટ | ઓડીટર :<br>શ્રી દિલીપભાઈ આર શાહ એન્ડ કું.<br>એ/૨૧, અજન્ટાકોમ સેન્ટર, બીજો માળ,<br>આશ્રમ રોડ, અમદાવાદ |
| • બાહ્ય નિષ્ણાંતો દ્વારા મૂલ્યાંકન | • અત્યાર સુધીમાં પાંચ વાર બાહ્ય મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.<br>• શૈશવ Give India/Guidestar સાથે નોંધાયેલ છે અને સભ્યપદ ધરાવે છે. |
| • વિદેશ નાણાંકીય સહાય, આવકવેરા ચેરીટી કમિશ્નર શ્રી વિ. કાયદાઓની જરૂરીયાતો | • આ અંગેના કાયદાઓનું મહદ અંશે ચૂસ્ત પાલન કરવામાં આવે છે.<br>• હિસાબો નિયમિત રીતે સરકારમાં આપવામાં આવે છે. |
| • વિવિધ એવોર્ડનો સ્વીકાર | • સંસ્થા વતી સ્વીકાર |
| • હવાઇ મુસાફરી | • વર્ષ દરમ્યાન રાષ્ટ્રીય હવાઇ મુસાફરી કરવામાં આવી છે અને તેનો ખર્ચ સંસ્થાના પ્રોજેકટ હેઠળ કરવામાં આવ્યો છે. |

**આપણા બાળકોને દુનિયાની સુંદરતા અને વિસ્મય પાછા આપવા તે પડકાર છે.**

**- વાંગારી મુથા મથાઈ**

# બાળ સંગઠનોના બાળ પ્રતિનિધિઓનું પાંચમું રાષ્ટ્રીય અધિવેશન















बाल संगठनों का पांचवां राष्ट्रीय अधिवेशन
Organised by
Balsena - Shaishav
Bhavnagar - Gujarat
UNDERSTANDING THE CONCEPT OF CHILD PARTICIPATION








बाल संगठनों का पांचवां राष्ट्रीय अधिवेशन
5th National Consultation For Children's Collectives









What ?
So What ?

# સંવાદ.......વિચાર ગોષ્ઠિ


















# શૈશવ - ૩૦ વર્ષ અને બાલસેના ૨૦ વર્ષ નિમિત્તે વડોદરા મુકામે સ્નેહમિલન

















# બાલસેના - વિવિધ પ્રવૃતિઓ













# બાલસેના ૨૧મો વાર્ષિકોત્સવ














# કિશોરી સંમેલન
















# વિસ્તારમાં જંકફૂડ સામે અભિયાન










# વિસ્તારમાં વિવિધ પ્રવૃતિઓ

















# વિવિધ પ્રવૃતિઓ













# વિવિધ પ્રવૃતિઓ













# વિવિધ પ્રવૃતિઓ













# વિવિધ પ્રવૃતિઓ










સાયબર ક્રાઇમ હેલ્પડેસ્ક
સાયબર ક્રાઈમની
ફરિયાદ માટે
1930
www.cybercrime.gov.in



# વિવિધ પ્રવૃતિઓ














# વિવિધ પ્રવૃતિઓ















# વિવિધ પ્રવૃત્તિઓ














# <u>બાળ અધિકાર તાલીમ અને સંસાધન કેન્દ્ર</u>




















બાળકોનું હૃદય જ્યારે નવીન છે, કુતુહલ જ્યારે સજીવ છે, અને બધી ઈન્દ્રિઓની શક્તિ જ્યારે સતેજ છે ત્યારે જ તેમને વાદળ અને તડકાની લીલાભૂમિરૂપ અવારિત આકાશમાં રમવા દો, તેમને આ ભૂમાના આલિંગનથી વંચિત રાખશો નહિ હે વૃધ્ધ વાલી હે સંસારી, તમે કલ્પનાને ગમે તેટલી નિર્જીવ, હૃદયને ગમે એટલું કઠોર બનાવી દો, પણ તેમને કાલાવાલા કરીને કહું છું કે તમે કંઈ નહિ તો શરમના માર્યા પણ એવું કહેશો નહિં કે એની કશી જરૂર નથી ; તમારાં બાળકોને વિશાળ વિશ્વ મારફતે વિશ્વજનનીની પ્રત્યક્ષ લીલાના સ્પર્શનો અનુભવ કરવા દો...

વિચાર શક્તિ અને કલ્પનાશક્તિ જીવનના નિર્વાહ માટે અત્યંત આવશ્યક શક્તિઓ છે, એમાં શંકા નથી. અર્થાત જો સાચા માણસ બનવું હોય તો એ બે વસ્તુઓને જીવનમાંથી બાદ રાખ્યે નહિં ચાલે. એટલા માટે બાલ્યકાળથી જ વિચાર અને કલ્પનાનો અભ્યાસ જો રાખવામાં ન આવે તો કામની વખતે એ હાથમાં નહિં આવે, એ બહુ જુની વાત છે, ‘હવે વિધાતા પાસે એટલું વરદાન માંગીએ છીએ કે અમારી ભૂખ સાથે અન્નનો, ઠંડી સાથે વસ્ત્રનો, ભાવ સાથે ભાષાનો, શિક્ષણ સાથે જીવનનો મેળાપ કરી આપે.’

કોણ જાણે શી રીતે આજે મારું હૃદય ખૂલી ગયું છે, ત્યાં આવીને જગત ભેટે છે. પૃથ્વી પર જે સેંકડો માણસો છે તે બધા મારા પ્રાણમાં આવે છે અને એકબીજાને ગળે વળગીને હસે છે.

રવીન્દ્રનાથ ટાગોર
(રવીન્દ્ર નિબંધમાળા)
અનુ. નગીનદાસ પારેખ

# આરણ્યક કાર્યક્રમ













# આરણ્યક કાર્યક્રમ














## ટ્રસ્ટી મંડળ

| | | |
|---|---|---|
| શ્રી ફાલ્ગુન શેઠ | ડો. પંકજ શાહ | શ્રી સંજય દેસાઈ |
| શ્રી પારુલ શેઠ | ડો. એસ. શ્રીધર | શ્રી સંગીતા ગરત |
| શ્રી નિમિષા દેસાઈ | શ્રી અનિતા શાહ | ડો. પારસ મહેતા |





## સંસ્થા મુખ્ય કાર્યાલય :

**શૈશવ**

બ્લોક નં. 3, બીજે માળે, બી-વિંગ,
સરદાર પટેલ મ્યુનિ. શોપીંગ સેન્ટર,
સરદારનગર સર્કલ, ભાવનગર - ૩૬૪ ૦૦૧.
ફોન : ૦૨૭૮ ૨૫૬૮૫૬૧, ૯૩૭૬૪૨૮૫૬૭
E-mail : info@shaishavchildrights.org
Web.: shaishavchildrights.org

## નર્મદા જિલ્લા કાર્યાલય :

**આરણ્યક કાર્યક્રમ**

C/o શ્રી અંબાલાલ પ્રજાપતિનું મકાન, રંગભુવન, શાંતિ નગર,
જય ગુજરાત ભજીયા હાઉસ વાળા ખાચામાં,
તા. ડેડીયાપાડા, જિ. નર્મદા
ફોન :- 7916561228

## રજી. ઓફિસ :

**શૈશવ,**
આઈ/1003, ઇન્દ્રપ્રસ્થ,
ડ્રાઈવઈન થિયેટર પાસે ,
થલતેજ રોડ, અમદાવાદ.


- **સંસ્થાને મળતું દાન ઈન્કમટેક્ષ એક્ટ હેઠળ ૮૦ (જી)(૫) મુજબ ૫૦ % કરમુક્તિને પાત્ર છે.**
- **સંસ્થાને વિદેશી સહાય મેળવવા માટે જરૂરી મંજૂરી મળેલી છે.**

શૈશવ



# "જીવીએ ત્યાં સુધી શીખીએ."

- શ્રી રામકૃષ્ણ પરમહંસ